# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ ✻ અંક-૨ ✻ ઓક્ટોબર, ૨૦૧૩



જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું છે તેણે પરદ્રવ્યથી પોતાની ભિન્નતાનો નિર્ણય કરીને, પોતાના ધ્રુવસ્વભાવનો મહિમા લાવીને સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ ઇન્દ્રિયો દ્વારા જે કાંઈ દેખવામાં આવે છે, જાણવામાં આવે છે અને અનુભવ કરવામાં આવે તે બધું આત્માથી બાહ્ય, નાશવાન તથા ચેતના રહિત છે. ૧૩૭૭.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અજીવ અધિકાર, ગાથા-૪૪)*

✻ જહાં આત્માકા ઉપયોગ શ્રુતજ્ઞાનમેં રમણ કરે, જિનેન્દ્રકથિત શબ્દોંકો કહે ઔર પઢે ઔર મનન કરે, જબ મુનિ શાસ્ત્ર પદોંકે અનુસાર અપને ચારિત્રકે સ્વભાવકો બનાવે તબ હી જ્ઞાનદાન કર રહે હૈં. અર્થાત્ આપકો આપસે શાસ્ત્રજ્ઞાન દેના ઔર સ્વસંવેદનજ્ઞાનકા અપનેમેં પ્રકાશ કરના યા વીતરાગ ચારિત્રમયી સ્વભાવકી તરફ ઝુકના યહી સચ્ચા જ્ઞાનદાન હૈ. ૧૩૭૮. *(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું–૭૬)*

✻ જહાં મનુષ્ય અન્યકે અનુરોધસે (પ્રાર્થનાસે) અન્યકે લિયે અતિ નીંદનીય અસત્ય કહકર નરકપુરીકો ચલા જાતા હૈં જૈસે વસુ રાજા અનિંદ્ય આચરણવાલા ઔર ગુણી થા, પરંતુ અપને સહાધ્યાયી ગુરુપુત્ર (પર્વત)કે લિયે જૂઠી સાક્ષી દેનેસે નરકકો ગયા. યહ જગત્પ્રસિદ્ધ વાર્તા હૈ (ઈસકી કથા પુરાણોંમેં પ્રસિદ્ધ હૈ) ઈસ કારણ પરકે લિયે ભી જૂઠ બોલના નરકકો લે જાતા હૈ. ૧૩૭૯.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૯, શ્લોક–૪૧)*

✻ હે જીવ! જો ઈન સબસે મોક્ષ ઉત્તમ હી નહીં હોતા તો શ્રી જિનેશ્વરદેવ ધર્મ, અર્થ, કામ ઈન તીનોંકો છોડકર મોક્ષમેં ક્યોં જાતે? ઈસલિયે જાતે હૈં કિ મોક્ષ સબસે ઉત્કૃષ્ટ હૈ. ૧૩૮૦. *(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૪)*

✻ શ્રી સર્વજ્ઞદેવે સર્વ ઉપદેશનું મૂળ આ બતાવ્યું છે કે જો એકવાર સ્વસંવેદન રસનો આસ્વાદી થાય તો એવા આનંદમાં મગ્ન થાય કે ફરી પરની તરફ કદી પણ દૃષ્ટિ ન આપે. સ્વરૂપસમાધિ એ સંતોનું ચિહ્ન છે, જે પ્રાપ્ત થવાથી રાગાદિ વિકાર થતા નથી, જેમ આકાશમાં ફૂલ ન હોય તેમ. ૧૩૮૧. *(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૩૮)*

✻ આ જીવ, રત્નત્રયરૂપ દિવ્ય નાવ વડે સંસારથી તરે છે—પાર પામે છે માટે આ જીવ જ રત્નત્રયથી યુક્ત થતો થકો ઉત્તમ તીર્થ છે. ૧૩૮૨.

*(સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૧૯૧)*


✻

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ–૮
અંક–૨

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૯
October
A.D. 2013



# ના ન પાડીશ બાપુ!
# તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપવા તું પાત્ર જ છો

(શ્રી સમયસારજી ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના (૧૫મી વાર) પ્રવચનો)

(સળંગ પ્રવચન નં. ૫, પૂર્વાર્ધ)

**ધ્રુવ અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,**
**વંદી કહું શ્રુતકેવળી–કથિત આ સમયપ્રાભૃત અહો! ૧**

જ્યારે ગાથાના પરમાણુનો આ રીતે પરિણમવાનો કાળ હતો ત્યારે કુંદકુંદઆચાર્યને પોતાના કારણે અંદરથી આ ગાથા લખવાનો વિકલ્પ ઊઠ્યો હશે. वंदित्तु सव्वसिद्धे ....શરૂઆત છે એટલે પહેલાં થોડો અન્વયાર્થ લઈએ.

ગાથાર્થ :—'આચાર્ય કહે છે'—એમ કહ્યું, ત્યાં આ કથન કરનાર એક વ્યક્તિ છે એમ સિદ્ધ કરે છે. કથન કરનાર કોઈ મફતલાલ નથી. જેમ પ્રવચનસારમાં શરૂઆતની ગાથાઓમાં આચાર્યદેવે કહ્યું કે આ હું એટલે સ્વસંવેદન પ્રત્યક્ષ આત્મા જ્ઞાન-દર્શન સંપન્ન વસ્તુ તે હું; ભૂત, વર્તમાન, ભાવિના સર્વ તીર્થંકરોને સામાન્યપણે અને વિશેષપણે પ્રત્યેક પ્રત્યેકને એક એક ભગવાનને લક્ષમાં લઈને વંદન કરું છું, તેમ અહીં કહે છે કે હું વંદન કરું છું. કોને? કે સર્વ સિદ્ધોને. તેમાંથી અમૃતચંદ્ર આચાર્યે એ ભાવ કાઢ્યો છે કે અમે સિદ્ધને અમારા આત્મામાં સ્થાપીએ છીએ એ જ વંદન છે. 'वंदित्तु'માંથી આવો ભાવ કાઢ્યો કે અમે પર્યાયમાં રાગ અને અલ્પજ્ઞતા હોવા છતાં સિદ્ધ ભગવાનને અમારા આત્મામાં સ્થાપીએ છીએ અને હે શ્રોતાઓ! તમારા આત્મામાં પણ અમે સિદ્ધને સ્થાપીએ છીએ.

**નમું સિદ્ધ પરમાત્મને, અક્ષય બોધસ્વરૂપ;**
**જેણે આત્મા આત્મરૂપ, પર જાણ્યું પરરૂપ. ૧.** **—શ્રી સમાધિતંત્ર**

જેના અંતરમાં સિદ્ધ ભગવાન સ્થાપ્યા તેની પર્યાયમાં પરમેશ્વર પધાર્યા. અમને પરમેશ્વરનો આદર આવ્યો છે માટે અમે અમારા આત્માની દશામાં પરમેશ્વરને સ્થાપ્યા છે. અમને નિમિત્તનો, વિકલ્પનો કે અલ્પજ્ઞતાનો આદર નથી, પૂર્ણદશાનો આદર છે.

આ તો મહા સિદ્ધાંત છે.

મારા આત્મામાં અને તમારા આત્મામાં જે સિદ્ધ ભગવાનને અમે સ્થાપીએ છીએ તે ભગવાન કેવા છે? કે ધ્રુવ, અચલ અને અનુપમ ગતિને પ્રાત થયેલાં છે. એનો અર્થ ટીકામાં આવશે. અસ્તિથી ધ્રુવ કહીને અને ચાર ગતિના અભાવથી અચલ કહીને નાસ્તિથી સિદ્ધગતિનું વિશેષણ આપ્યું છે. વળી, સિદ્ધગતિ અનુપમ છે, તેને કાંઈ ઉપમા લાગુ પડે તેમ નથી. આમ, સિદ્ધગતિને ધ્રુવ, અચલ અને અનુપમ આ ત્રણ વિશેષણ આપીને પછી ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગથી રહિત આ સિદ્ધગતિ તે અપવર્ગ છે એમ અર્થ કાઢશે.

અમૃતચંદ્ર આચાર્યે મૂળ પાઠમાંથી જ વંદિત્તુના બે અર્થ કાઢ્યા કે હું મારા આત્મામાં સર્વસિદ્ધોને સ્થાપું છું અને શ્રોતાના આત્મામાં પણ સર્વ સિદ્ધોને સ્થાપુ છું, તેમ 'નમસ્કાર'ના પણ બે અર્થ કાઢે છે કે ભાવ અને દ્રવ્ય નમસ્કાર. તે જ રીતે શ્રુતકેવળીના પણ બે અર્થ કાઢશે કે સર્વજ્ઞ અને શ્રુતકેવળી અને શ્રુતનો અર્થ લેશે 'આગમ.' આ સમયસાર કહીશ એમ કહીને 'કહીશ'માંથી બે અર્થ કાઢશે કે ભાવવચન અને દ્રવ્યવચનથી કહીશ.

મૂળ પાઠમાં હોય તેના જ ભાવ ટીકામાં ખોલ્યા છે. ભેંસના આઉમાં દૂધ હોય તેને બળુકીબાઈ પોતાની કળા વડે કાઢે છે ને! તેમ આ ટીકામાં અમૃતચંદ્ર આચાર્યે પોતાના જ્ઞાન અને વીર્યના જોરના બળથી મૂળ ગાથાના ભાવ ખોલી નાખ્યા છે, માટે આ અલૌકિક ટીકા કરી છે. ભરતક્ષેત્રમાં અત્યારે બીજે ક્યાંય આવી ટીકા નથી.

ટીકા :—અહીં 'અથ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે એટલે કે અહીંથી સાધકપણું નવું શરૂ થાય છે એમ સૂચવે છે એટલે કે વસ્તુસ્વરૂપનું સાધકપણું શરૂ થયું એટલે મંગલિકદશા શરૂ થઈ. અથવા આ ટીકાકારની દશામાં સાધકપણું પ્રગટ થયું છે તે નવું પ્રગટ થયું છે, અનાદિનું ન હતું. 'મંગ' એટલે પવિત્રતા અને 'લ' એટલે લાતિ અર્થાત્ પવિત્રતાને લાવે અને પાપને ગાળે તે મંગલ છે. 'શુદ્ધતાની પ્રાપ્તિ અને અશુદ્ધતાનો નાશ' આમ, અસ્તિ અને નાસ્તિથી દરેકમાં બે–બે ભાવ નીકળે છે. શુદ્ધતાની પ્રાપ્તિ મંગલિક છે તેમ અશુદ્ધતાનો નાશ એ પણ મંગલિક છે.

**ઇન્દ્રિય દ્વારા વિષયમાં બહાર ભમે બહિરાત્મ;**
**આતમજ્ઞાનવિમુખ તે માને દેહ નિજાત્મ. ૭. —શ્રી સમાધિતંત્ર**

ગ્રંથની આદિમાં સર્વ સિદ્ધોને નમસ્કાર કર્યા તેમાં 'સર્વ સિદ્ધ' કહેતાં પરમાત્મદશાને પ્રાપ્ત જીવો અનંત છે એમ સિદ્ધ (નક્કી) કરે છે. કોઈ ઘણાં લોકોનો મોટો મત એમ માને છે કે 'સંસારમાં પ્રત્યેક જીવ ભલે જુદાં હોય પણ મુક્ત થયા એટલે જ્યોતમાં જ્યોત ભળી જાય, જીવો અલગ અસ્તિત્વ ન ધરાવે,' પણ એમ નથી. વેદાંતમાં ચડી ગયેલા એક ભાઈ આઠ-આઠ કલાક ધ્યાન કરતાં હતા પણ પોતાના અસ્તિત્વની કાંઈ ખબર નહીં. મસ્તીથી જીવે પણ મૂળ તત્ત્વની ખબર નહીં. અમારા ઉપર તેને પ્રેમ ઘણો.....એટલે પૂછતાં હતા કે સિદ્ધ થયા પછી વળી સત્તા જુદી કેવી! એવી જ રીતે એક ભાઈ હજારો માણસોમાં ભાષણ આપનારા દિગંબર જૈન હતા તે પૂછતાં હતા કે સિદ્ધ થયા પછી પર્યાય કેવી? એને મન પર્યાય જાણે એક લપ હશે એટલે કહે કે સિદ્ધને પણ પર્યાય છોડતી નથી?

અહીં સર્વ સિદ્ધ કહીને સર્વ સિદ્ધની સત્તા પૃથક છે એ સિદ્ધ કર્યું છે. અનાદિથી થતાં આવેલાં સિદ્ધો અનંત છે, તે દરેકની સત્તા પૃથક્-પૃથક છે. દરેક પોતાની સત્તા પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભિન્ન રાખે છે માટે બધા સિદ્ધ મળીને એક છે એમ કોઈ કહેતું હોય તો તે ખોટું છે.

'વોચ્છામિ' શબ્દમાંથી બે અર્થ કાઢ્યા.—'ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિ.' નિશ્ચયથી આરાધ્ય પણ હું છું અને આરાધક પણ હું છું એવી નિર્વિકલ્પદશા અંદરમાં પ્રગટી છે તેને ભાવસ્તુતિ કહે છે અને સ્તુતિની વાણી નીકળી તે દ્રવ્યસ્તુતિ છે. આમ, ભાવ અને દ્રવ્યસ્તુતિ વડે સિદ્ધોનો આદર કર્યો છે.

આહાહા! સિદ્ધ ભગવંતો પૂર્ણદશાને પ્રાપ્ત છે અને અમારી દશા અલ્પ છે માટે અમે સર્વ સિદ્ધોનો ભાવથી અને દ્રવ્યથી આદર કરીએ છીએ કે જેથી મારા અને પરના મોહનો નાશ થાય. આમ, બધામાં બે—બે બોલ લીધા છે કે મારા અને પરના મોહના નાશ માટે હું આ સ્તુતિ કરું છું. મુનિને દર્શનમોહ નથી પણ ચારિત્રમોહ છે તેની અપેક્ષાએ વાત કરી છે.

મોહ અનાદિનો છે એમ લેશે. કેમ કે પોતાને અસ્થિરતાનો જે રાગ છે તે અનાદિનો છે, નવો નથી અને શ્રોતાને પણ અનાદિનો મોહ છે તેના નાશ માટે હું મારા અને પરના આત્મામાં સિદ્ધોની સ્થાપના કરીને સ્તુતિ કરું છું. अनादि मोहोप्रहाणाय......એ આ શબ્દનો અર્થ છે. પોતાને હજી અસાવધાનીનો થોડો ભાવ છે તેના નાશ માટે અને શ્રોતાઓના અનાદિના અજ્ઞાન અને મિથ્યાત્વના નાશ માટે હું મારા આત્મામાં અને શ્રોતાઓના આત્મામાં સિદ્ધને સ્થાપીને સ્તુતિ કરું છું. (ક્રમશઃ) ❊

**વિભ્રમ પુત્ર-રમાદિગત આત્મ-અજ્ઞને થાય.**
**દેહોમાં છે જેહને આતમ-અધ્યવસાય૯. ૧૧. —શ્રી સમાધિતંત્ર**




# વીતરાગ વાણીને નમસ્કાર હો !



શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(પ્રવચન નં. ૧)(તા. ૨૦-૪-૪૪, ગુરુવાર)

**सुगतमगधरं वा वागधीशं शिवं वा**
**जितभवमभिवन्दे भासुरं श्रीजिनं वा।।**

જિનેન્દ્રદેવ કેવા છે?

૧—જેણે સંસારને જીતી લીધો છે એટલે કર્મના સંયોગે થતાં રાગ-દ્વેષના વિકારીભાવોને જીતીને વીતરાગભાવની પ્રાપ્તિ કરી છે.

૨—મોક્ષમાર્ગના નેતા (નિમિત્તથી દોરનાર) છે.

૩—વાણીના સ્વામી છે એટલે કે વીતરાગભાવની વાણી જ સર્વોત્કૃષ્ટ છે જેમાં એક સમયમાં પૂર્ણ રહસ્ય આવે એવી દિવ્ય ધ્વનિ વીતરાગને જ હોઈ શકે, તે અપેક્ષાએ કહ્યું કે વાણીનું ધણીપણું તો જાણે આપને જ વર્તતું હોય! એટલે કે તમે પણ ઊંચા અને તમારી વાણી પણ ઊંચી!

૪—આનંદરૂપ છે; આત્માનો સ્વભાવ જે એકલા આનંદરૂપ છે તેવો આનંદ પ્રગટ છે, આનંદરૂપ જ સ્વરૂપ છે.

પૂર્ણતાના ભાન પછી પોતાને પૂર્ણતા પ્રગટી ન હોય ત્યાં સુધી વીતરાગ પ્રભુને અંતરથી ઓળખીને વાણી દ્વારા બરાબર લડાવે. વીતરાગના ભક્ત જ વીતરાગને બરાબર ઓળખીને તેનાં ગાણા ગાઈ શકે!

વળી ટીકાકાર કહે છે કે :—

वाचं　वाचंयमीन्द्राणां　वक्त्रवारिजवाहनाम्।
वन्दे　　नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम्।।

‘તથા હું જિનવાણીને નમસ્કાર કરું છું, વીતરાગની વાણીને નમું છું.’

શ્રોતા :—વાણી તો જડ છે, તો જડને નમસ્કાર કેમ કર્યા?

**દેહે　આતમબુદ્ધિથી　સુત-દારા　કલ્પાય;**
**તે સૌ નિજ સંપત ગણી, હા! આ જગત હણાય. ૧૪.　—શ્રી સમાધિતંત્ર**

પૂજ્ય ગુરુદેવશ્રી :—વીતરાગની વાણી નિમિત્તથી પૂર્ણ સ્વરૂપને બતાવનાર છે તેથી વાણીને નમસ્કાર કર્યા છે. જડને જડ તરીકે ઓળખાવીને, તે આત્માને ઓળખવામાં નિમિત્ત છે તેથી તેને નમસ્કાર કરું છું એમ બોલાય છે. ત્યાં ખરેખર તો પોતાના ભાવને નમે છે.

તે વાણી કેવી છે?

જે મુનીશ્વરોના ઈન્દ્ર એવા જિનેશ્વર-વીતરાગદેવના મુખકમળથી નીકળી છે, આત્મપદાર્થને બતાવનાર છે તથા તે વાણીમાં સ્વપદાર્થ—આશ્રયે કથન અર્થાત્ નિશ્ચયનય અને પરપદાર્થ—આશ્રયે કથન અર્થાત્ વ્યવહારનય એ બન્ને નય-દ્વારા વસ્તુનું પૂર્ણ સ્વરૂપ કહ્યું છે. નિશ્ચય અને વ્યવહાર દ્વારા વાચ્ય જે પૂર્ણ સ્વરૂપ તેનું કથન કર્યું છે. ભગવાનની વાણીમાં અધૂરાશ હોય નહીં.

શ્રોતા :—વાણી દ્વારા આત્માનું પૂર્ણ સ્વરૂપ આવી શકે નહિ એમ કહ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતાના ભાવમાં પૂરું સમજાયું છે એટલે તેનો ઉપચાર કરીને વાણીમાં પણ પૂરું આવી ગયું એમ કહ્યું; તે વ્યવહાર છે. વ્યવહાર વસ્તુ જ નથી એમ નથી અર્થાત્ વ્યવહાર સર્વથા અભાવરૂપ નથી. વ્યવહાર છે ખરો—પણ તે આદરણીય નથી. જે કહેવાયોગ્ય પદાર્થ (આત્મા) તેનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં કહેવાયું છે. આ રીતે દેવ અને વાણીને નમસ્કાર કર્યા તથા તેમનું સ્વરૂપ કહ્યું.

હવે સંતો—મુનિઓને સંભારે છે :—

सिद्धान्तोद्धयश्रीधवं सिद्धसेनं तर्काब्जार्क भट्टपूर्वाकलंकम्।
शब्दाब्धीन्दु पूज्यपादं च वन्दे तद्विद्याढयं वीरनन्दिं व्रतीन्द्रम्॥

સિદ્ધાંત સાગરના પારગામી અને પવિત્ર સિદ્ધાંત અર્થાત્ ત્રણ કાળમાં ન ફરે એવા સિદ્ધાંતરૂપી શ્રેષ્ઠલક્ષ્મીના ધણી શ્રી સિદ્ધસેન મુનિને નમસ્કાર કરું છું; તર્કરૂપી કમળને પ્રફુલ્લિત કરવામાં સૂર્ય સમાન એવા શ્રીમદ્ભટ્ટાકલંકદેવને નમસ્કાર કરું છું; શબ્દરૂપી સમુદ્રની વૃદ્ધિ કરવામાં ચંદ્ર સમાન શ્રી પૂજ્યપાદ સ્વામીને તથા વિદ્યાના પારગામી મહાવ્રતીઓમાં ઈન્દ્ર સમાન એવા શ્રી વીરનન્દિ આચાર્યને નમસ્કાર કરું છું.

અહીં બધા સંતોને સાંભર્યા છે, મોક્ષના માંડવે કોઈ બાકી ન રહી જાય. ભાવથી બધાને બોલાવ્યા છે. અંતરથી તાર કર્યા છે કે “હું આ શાસ્ત્ર લખું છું, હે ભગવાન, હે વાણી, હે સંતો-મુનિઓ! સર્વે હાજર થાઓ.” અહીં આચાર્યનો પોતાનો ભાવ છે. *(ક્રમશઃ)* ❊

**રૂપ મને દેખાય જે, સમજે નહિ કંઈ વાત;**
**સમજે તે દેખાય નહિ, બોલું કોની સાથ? ૧૮. —શ્રી સમાધિતંત્ર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## ૧. અધ્રુવ અનુપ્રેક્ષા

जं किंचि वि उप्पण्णं तस्स विणासो हवेइ णियमेण ।
परिणाम-सरूवेण वि ण य किंचि वि सासयं अत्थि ।।४।।

यत्किंचिदपि उत्पन्नं तस्य विनाशो भवति नियमेन।
परिणामस्वरूपेणापि न च किंचिदपि शाश्वतमस्ति ।।४।।

**અર્થ :—**જે કાંઈ ઉત્પન્ન થયું તેનો નિયમથી નાશ થાય છે અર્થાત્ પરિણામસ્વરૂપથી તો કોઈ પણ (વસ્તુ) શાશ્વત નથી.

આ બાર ભાવનાઓનું વર્ણન ચાલે છે. કેવી છે આ બાર ભાવનાઓ? ભવ્ય જીવોને આનંદની જનની છે અને તે સાંભળતાં જ ભવ્ય જીવોને મોક્ષમાર્ગમાં ઉત્સાહ ઊપજે છે.

ધર્મી જીવ બાર ભાવના ભાવે છે, તેનું આ વર્ણન છે. હું આત્મા જ્ઞાનાનંદ નિત્ય દ્રવ્ય છું— એવા ભાનપૂર્વક ક્ષણે-ક્ષણે શુદ્ધતાની વૃદ્ધિ થાય છે તે માટે આ બાર વૈરાગ્ય ભાવનાઓ છે. તીર્થંકરો પણ આવી ભાવનાઓ ભાવે છે. ચિદાનંદસ્વભાવ ત્રિકાળ કોણ છે? તેના ભાન વિના 'બધુ અનિત્ય છે' એમ માનીને જે વૈરાગ્ય કરે તે તો મિથ્યાત્વગર્ભિત વૈરાગ્ય છે. નિત્યસ્વભાવની ભાવનાપૂર્વક ક્ષણિક પર્યાયને દેખીને તેમાં હર્ષ-શોક ઉત્પન્ન ન થાય, તેનું નામ ખરી અનિત્ય ભાવના છે.

અજ્ઞાની જીવને પરવસ્તુની પર્યાયને દેખીને તેમાં ઈષ્ટ-અનિષ્ટની માન્યતાથી રાગ-દ્વેષ થાય છે. કેવળજ્ઞાનીની પર્યાય દેખીને રાગ થાય, ત્યાં પરને લઈને તે પ્રમોદ માને છે તે મિથ્યાદષ્ટિ છે. ધર્મી જાણે છે કે ખરેખર પરને કારણે મને રાગ નથી. વળી જે જીવ દુશ્મનને કારણે દ્વેષ માને છે, તે પર્યાયબુદ્ધિવાળો મિથ્યાદષ્ટિ છે. ધર્મી તો જાણે છે કે જગતમાં બધા પદાર્થો પર્યાય અપેક્ષાએ અનિત્ય છે એટલે પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ તો તેને થતાં જ નથી.

અજ્ઞાની જીવને અનાદિથી દ્રવ્યસ્વભાવનું ભાન નથી ને ક્ષણિક પર્યાયને દેખીને તેને જ સ્થિર રાખવા માગે છે. દેહાદિના સંયોગને કે શુભરાગને કાયમ ટકાવવાની જેની ભાવના છે તે જીવ પર્યાયમૂઢ છે. હું તો શુદ્ધ જ્ઞાયક નિત્ય ટકનાર છું.—એમ દ્રવ્યના ભાનપૂર્વક ધર્મીને અસ્થિરતાથી રાગ-દ્વેષ થાય તે ઘણા અલ્પ હોય છે. જેને નિત્ય સ્વભાવનું ભાન નથી તે સંયોગને

**અપમાનાદિક તેહને, જસ મનને વિક્ષેપ;**
**અપમાનાદિ ન તેહને, જસ મન નહિ વિક્ષેપ. ૩૮.** **—શ્રી સમાધિતંત્ર**

અને પર્યાયને કાયમ ટકાવવાની ભાવના ભાવે છે. તેવા જીવને ખરી અનિત્ય ભાવના હોતી નથી.

હે ભગવાન! ભવોભવ આપનું શરણ હજો. આપના ચરણ સમીપે સદાય રહું! એમ ભક્તિથી બોલાય છે. ત્યાં અંતરમાં ધર્મીને ખરેખર સંયોગની ભાવના નથી; ધર્મી તે જાણે છે કે મને પર તો શરણભૂત નથી પણ મારી અનિત્ય પર્યાય પણ મને આશ્રયભૂત નથી. નિત્ય જ્ઞાયક ચૈતન્યસ્વભાવ જ મને શરણ છે. તે સ્વભાવની સમીપે હું રહ્યા કરું એવી ધર્મીની ભાવના છે. ત્રણ લોકના નાથ તીર્થંકરનો વિરહ પડે અને આંખમાં આંસુ આવે, ત્યાં ધર્મીને તીર્થંકરના વિરહને કારણે તે ખેદ થયો નથી પણ અસ્થિરતાના કારણે રાગ થઈ ગયો છે, પણ પર્યાયબુદ્ધિ નથી. અજ્ઞાનીજીવને તો પર્યાયબુદ્ધિ હોવાથી તે અજ્ઞાનથી આકુળ-વ્યાકુળ થાય છે, તેને સંયોગની ભાવના છે પણ નિત્ય ટકતા સ્વભાવની ભાવના તેને નથી. ધર્મી તો નિત્ય સ્વભાવના ભાનપૂર્વક અનિત્ય ભાવના વિગેરે ભાવનાઓ ભાવે છે. જુઓ! આ ભાવનાઓ ભવ્યજીવને આનંદની જનની છે. આ વાત જેને લૂખી લાગે તેને વસ્તુસ્વરૂપનું ભાન નથી. ધર્મીને આ ભાવનાઓથી પર્યાયમાં ક્ષણે-ક્ષણે રાગ તૂટતો જાય છે ને આનંદ વધતો જાય છે.

અનિત્ય ભાવના કેવી રીતે ચિંતવવી તે કહે છે. અનિત્ય ભાવના ભાવનારને નિત્ય વસ્તુની દૃષ્ટિ હોવી જોઈએ. તેથી કહે છે કે "હું તો દ્રવ્યથી તો શાશ્વત આત્મદ્રવ્ય છું, આ ઊપજે છે, વિણસે છે તે પર્યાયનો સ્વભાવ છે. તેમાં હર્ષ-વિષાદ શો?" હું કાયમ રહેનારો આત્મા છું. આવા આત્મસ્વભાવના ભાનપૂર્વક તેના અવલંબને જે નિર્દોષ પર્યાય પ્રગટે છે તેનું નામ ધર્મ છે. એ સિવાય બહારની ભક્તિ વગેરેની ક્રિયા કે શુભભાવ તે ધર્મ નથી. અહો! મારે(માટે) મારો ચિદાનંદ આત્મા જ ધ્રુવ છે. સંયોગો તો અધ્રુવ છે ને શુભ-અશુભ લાગણી થાય તે પણ ક્ષણિક અધ્રુવ છે. આમ, ધર્મીને વસ્તુદૃષ્ટિનું ભાન છે તેથી પર્યાયબુદ્ધિથી તેને હર્ષ-શોક થતાં નથી. અલ્પ હર્ષ-શોક થાય તે વખતે પણ ધ્રુવ સ્વભાવની ભાવનાની મુખ્યતા ખસતી નથી.

"શરીર છે તે પુદ્‌ગલ અને જીવના સંયોગજનિત પર્યાય છે અને ધન-ધાન્યાદિક છે તે પુદ્‌ગલના પરમાણુઓનો સ્કંધ પર્યાય છે, એટલે તેનું મળવું-વિખરાવું નિયમથી અવશ્ય છે, છતાં તેમાં સ્થિરતાની બુદ્ધિ કરે છે એ જ મોહજનિત ભાવ છે, માટે વસ્તુસ્વરૂપ જાણી તેમાં હર્ષ-વિષાદાદિ રૂપ ન થવું."

નિત્ય ટકતી જ્ઞાયક વસ્તુને જાણ્યા વિના ખરેખર હર્ષ-શોક ટળે નહિ. "હું શુદ્ધ છું. રાગ પણ મારું સ્વરૂપ નથી"—એમ એકલી અધ્યાત્મની વાત આવે તે સાંભળવી સારી લાગે અને આ વૈરાગ્ય ભાવનાઓના શ્રવણ-ચિંતનમાં ઉત્સાહ ન આવે તો તે શુષ્ક છે. અંતર્‌સ્વભાવ તરફના જ્ઞાન સાથે આવી વૈરાગ્ય ભાવનાઓ પણ હોય છે. શુદ્ધ સ્વભાવ જેને રુચિમાં આવ્યો તેને પર્યાયમાં રાગ ઘટતાં આવી વૈરાગ્ય ભાવનાઓ આવે છે. *(ક્રમશઃ)* ❊

**યોગીજનને મોહથી રાગદ્વેષ જો થાય;**
**સ્વસ્થ નિજાત્મા ભાવવો, ક્ષણભરમાં શમી જાય. ૩૯.** **—શ્રી સમાધિતંત્ર**

# અધ્યાત્મપદ્ધતિરૂપ સ્વાશ્રિત મોક્ષમાર્ગ છે; ઉદયભાવના આશ્રયે મોક્ષમાર્ગ નથી

(પરમાર્થ-વચનિકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

કોઈને પ્રશ્ન થાય કે જ્ઞાનીનેય સાધકદશામાં પરાવલંબી અનેક ઉદયભાવો તો હોય છે, તો તે મોક્ષમાર્ગ કેમ નથી?—તો તેના સમાધાનમાં કહે છે કે—

**''જ્ઞાનીને અવસ્થાના પ્રમાણમાં પરસત્તાવલંબક છે, પણ તે પરસત્તાવલંબી જ્ઞાનને પરમાર્થતા કહેતો નથી. સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન. તે જ્ઞાનને સહકારભૂત–નિમિત્તરૂપ અનેક પ્રકારના ઔદયિકભાવ હોય છે; જ્ઞાની તે ઔદયિકભાવનો તમાશગીર છે, પણ તેનો કર્તા નથી, ભોક્તા નથી કે અવલંબી નથી. તેથી કોઈ એમ કહે કે 'સર્વથા અમુક પ્રકારનો ઔદયિકભાવ હોય તો જ અમુક ગુણસ્થાન કહીએ'—તો એ જૂઠો છે; તેણે દ્રવ્યના સ્વરૂપને સર્વથા પ્રકારે જાણ્યું નથી.–કેમ? કારણ કે, અન્ય ગુણસ્થાનોની તો વાત શું કહેવી, કેવળીઓને પણ ઔદયિકભાવનું નાનાપણું—અનેકપણું જાણવું. કેવળીઓના પણ ઔદયિકભાવ એકસરખા હોય નહિ; કોઈ કેવળીને દંડ–કપાટરૂપ (સમુદ્ઘાતરૂપ) ક્રિયાનો ઉદય હોય, કોઈ કેવળીને તે ન હોય. એ પ્રમાણે કેવળીઓમાં પણ ઉદયની અનેકરૂપતા છે, તો બીજા ગુણસ્થાનોની તો વાત શું કહેવી? માટે ઔદયિકભાવોના ભરોસે જ્ઞાન નથી; જ્ઞાન સ્વશક્તિપ્રમાણ છે. સ્વપરપ્રકાશક જ્ઞાનની શક્તિ, જ્ઞાયકપ્રમાણ જ્ઞાન તથા યથાનુભવપ્રમાણ સ્વરૂપાચરણચારિત્ર,—એ જ્ઞાતાનું સામર્થ્ય છે.''**

ભૂમિકા અનુસાર પરાશ્રિતભાવ હોય તે જુદી વાત છે ને તે પરાશ્રિતભાવને મોક્ષમાર્ગ માની લેવો તે જુદી વાત છે. પરાશ્રિતભાવ તો જ્ઞાનીને ય હોય પણ તે તેને મોક્ષમાર્ગ માની લેતા નથી, શુદ્ધ સ્વભાવના આશ્રયે મોક્ષમાર્ગ સાધતા જાય છે ને પરાશ્રિતભાવોને તોડતા જાય છે; કંઈક બાકી રહી જાય તેના તમાશગીર રહે છે. એકવીસ પ્રકારના ઉદયભાવ છે તેમાંથી મિથ્યાત્વાદિરૂપ ઉદયભાવો તો જ્ઞાનીને હોતા નથી અને બાકીના જે ઉદયભાવો વર્તે છે તે જ્ઞાનની સાથે જ્ઞેયપણે વર્તે છે, જ્ઞાની તેનો કર્તા નથી, તેનો ભોક્તા નથી ને જ્ઞાનમાં તેનું અવલંબન પણ નથી. અંતરમાં સ્વભાવને અવલંબનારું જ્ઞાન

**દૃશ્યમાન આ જડ બધાં, ચેતન છે નહિ દૃષ્ટ;**
**રોષ કરું ક્યાં? તોષ ક્યાં? ધરું ભાવ મધ્યસ્થ. ૪૬.** **—શ્રી સમાધિતંત્ર**

તે જ મોક્ષમાર્ગ છે. બહારનું બીજું જાણપણું ઓછું હોય તો જ્ઞાનીને કાંઈ ખેદ નથી ને બહારનું જાણપણું વિશેષ હોય તો તેની કાંઈ મહત્તા નથી. કેમકે બહારના જાણપણા ઉપર મોક્ષમાર્ગનું માપ નથી. અવધિ–મનઃપર્યયજ્ઞાન હોય તો જલદી મોક્ષ સધાય ને તે ન હોય તો મોક્ષ સાધતાં વાર લાગે—એવો કોઈ નિયમ નથી. સ્વાનુભૂતિની ઉગ્રતા અનુસાર મોક્ષ સધાય છે. વળી જ્ઞાનની સાથે (એકપણે નહિ પણ સહકારીપણે) જે જે ઉદયભાવો વર્તે છે તેને જ્ઞાની જાણે છે, પણ તેનો આગ્રહ કે પક્કડ નથી; આવો જ રાગ ને આવી જ ક્રિયા હોય તો ઠીક—એવી પરાવલંબનની બુદ્ધિ નથી. એક જ ગુણસ્થાને ભિન્ન ભિન્ન વિકલ્પો ને ભિન્ન ભિન્ન ક્રિયાઓ હોય છે, એક જીવને પણ એક જ પ્રકારનો વિકલ્પ સદાય રહેતો નથી, અનેક પ્રકારના વિકલ્પો હોય છે. કુંદકુંદસ્વામી, વીરસેનસ્વામી, જિનસેનસ્વામી કે સમન્તભદ્રસ્વામી—એ બધાય મુનિવરો છઠ્ઠી–સાતમી ભૂમિકાએ મોક્ષમાર્ગમાં વર્તતા હતા, તેમાં એકને સમયસાર જેવું અધ્યાત્મશાસ્ત્ર રચવાનો વિકલ્પ આવ્યો, બીજાને ષટ્‌ખંડાગમની ધવલાટીકા જેવા કરણાનુયોગની વૃત્તિ ઊઠી, ત્રીજાને તીર્થંકરોના પુરાણની રચનારૂપ કથાનુયોગનો ભાવ આવ્યો ને ચોથાને રત્નકરંડશ્રાવકાચાર જેવા ચરણાનુયોગના ઉપદેશની વૃત્તિ ઊઠી,—ભિન્ન ભિન્ન વિકલ્પ છતાં ભૂમિકા બધાની સરખી, અમુક વિકલ્પ હોય તો જ અમુક ગુણસ્થાન હોય—એમ વિકલ્પનો પ્રતિબંધ નથી. પણ જે વિકલ્પ હોય તે ભૂમિકાનું ઉલ્લંઘન કરે એવો (જેમકે છઠ્ઠા ગુણસ્થાને વસ્ત્રનો) ન હોય. આ સંબંધી વિસ્તારપૂર્વક વિવેચન પહેલાં આવી ગયું છે.

સાધકભાવની એક જ ધારા છે કે અંતરમાં ચૈતન્યની સ્વસત્તાનું જેટલું અવલંબન તેટલો સાધકભાવ. આવા સ્વાશ્રયભાવનો એક કણિયો પણ જેને જાગ્યો નથી તે પરાશ્રયભાવના ગમે તેટલા ડુંગરા ખોદે તોપણ 'ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર' એ કહેવતની જેમ તેના હાથમાં પણ કાંઈ આવવાનું નથી, તેણે તો 'ખોદ્યો પરાશ્રયભાવનો ડુંગર ને કાઢ્યો સંસારરૂપી ઉંદર!'

કોઈ સ્વછંદી કહે છે કે—અમને સંસારસંબંધી અશુભવિકલ્પો ખાવા–પીવા વગેરેના આવે છે, પણ ધર્મસંબંધી શુભવિકલ્પો ભક્તિ–પૂજન–સ્વાધ્યાય વગેરેના નથી આવતા; વિકલ્પ તો ભૂમિકા અનુસાર આવે એમ આપે જ કહ્યું છે!

તેનો ઉત્તર :—હા, ભાઈ! તારી ભૂમિકાને માટે એ વિકલ્પ યોગ્ય છે, સ્વછંદની ભૂમિકામાં તો એવા ઊંધા જ વિકલ્પ હોય ને! ધર્મની રુચિવાળા જીવની ભૂમિકામાં

**પ્રારંભે સુખ બાહ્યમાં, દુખ ભાસે નિજમાંય;**
**ભાવિતાત્મને દુખ બહિર્, સુખ નિજઆતમમાંય. ૫૨. —શ્રી સમાધિતંત્ર**

ધર્મસંબંધી વિચારો આવે ને સંસારની રુચિવાળા જીવની ભૂમિકામાં સંસાર તરફના પાપવિચારો આવે. જેને સંસારના પાપભાવનો તીવ્રરસ હોય એને ધર્મના વિચાર આવે જ ક્યાંથી? એવાની તો અહીં વાત ક્યાં છે? અહીં તો સાધકજીવ મોક્ષમાર્ગ કઈ રીતે સાધે છે ને તે મોક્ષમાર્ગ સાધતાં સાધતાં વચ્ચે તેને કેવા કેવા ભાવો હોય છે–તેની વાત છે. મોક્ષમાર્ગના સાધકને જે શુભભાવ હોય તે પણ ઊંચી જાતના હોય, પાપની તીવ્રતાના ભાવ તો તેને કદી હોય જ નહીં. ભૂમિકાથી અવિરુદ્ધ જે શુભ કે અશુભ હોય તેનો પણ ધર્મી જ્ઞાતા રહે છે—સાક્ષી રહે છે—તટસ્થ રહે છે, તે ઉદયભાવના પ્રવાહમાં પોતે તણાઈ જતો નથી. બે જીવો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય, એક ધ્યાનમાં બેઠા હોય ને બીજા યુદ્ધમાં ઊભા હોય, ત્યાં યુદ્ધમાં ઊભેલાને એમ શંકા નથી પડતી કે અરે, આ ધ્યાનમાં ને હું યુદ્ધમાં! તો મારું સમ્યગ્દર્શન કાંઈ ઢીલું હશે! કે મારા જ્ઞાનમાં કોઈ દોષ હશે! આવી શંકા સમકિતીને કદી પડતી નથી. તે નિઃશંક છે કે મારું સમ્યગ્દર્શન મારા સ્વભાવના અવલંબને છે તે કાંઈ આ ઉદયભાવમાં ચાલ્યું જતું નથી. રાગ વખતે રાગથી જુદી એક ચૈતન્યધારા જ્ઞાનીને વર્તી રહી છે.—એ ધારાનું નામ અધ્યાત્મપદ્ધત્તિ છે, તે ઠેઠ કેવળજ્ઞાનમાં જઈને મળે છે.

વાહ! મોક્ષમાર્ગ સ્વાશ્રિત છે, પરાશ્રિત નથી—એ સિદ્ધાન્ત પંડિતજીએ કેટલો સ્પષ્ટ કર્યો છે! જીવનો પરાશ્રિત–ક્ષયોપશમભાવ પણ મોક્ષનું કારણ નથી તો પછી પરાશ્રિત–ઉદયભાવ તો મોક્ષનું કારણ કેમ હોય? બહારની વાત તો કાઢી નાંખી, રાગ પણ કાઢી નાખ્યો ને અંદરનો ક્ષયોપશમભાવ પણ જે પરાશ્રિત છે તેને મોક્ષમાર્ગમાંથી કાઢી નાખ્યો. સ્વાશ્રિતભાવો જ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગમાં સાથે ઉદયભાવ હોય અથવા રાગાદિરૂપ અશુદ્ધ વ્યવહાર હોય,—પણ શું તેના અવલંબને મોક્ષમાર્ગ છે?—ના. સમ્યગ્દૃષ્ટિને તો તે વ્યવહારથી 'મુક્ત' કહ્યો છે. માટે તેને તેનું અવલંબન નથી. જેમ કેવળીપ્રભુ ઉદયના જ્ઞાતા છે તેમ છદ્મસ્થજ્ઞાની પણ ઉદયના જ્ઞાતા છે, તેની પરિણતિ ઉદયભાવને તોડતી અધ્યાત્મધારામાં આગે બઢી રહી છે.

જુઓ તો ખરા, ગૃહસ્થ–શ્રાવકોને પણ અધ્યાત્મનો કેવો પ્રેમ છે! ને કેવી સરસ વાત કરી છે! આ પં. બનારસીદાસજીએ ઉપાદાન–નિમિત્તના પણ સાત દોહરા કરીને, ઉપાદાનની એકદમ સ્વતંત્રતા સાબિત કરી છે. કોઈ કહે છે કે એ તો એમણે ઉપાદાનની ભાવુકતાવશ લખ્યું છે! પણ ભાઈ! તું નિમિત્તની ભાવુકતાવશ એની ના પાડે છે! ઉપાદાનની સ્વતંત્રતાનો સિદ્ધાંત તને નથી બેસતો એટલે 'ભાવુકતા' કહીને તારે એને ઉડાડવો છે. પણ

**ઇન્દ્રિયવિષયે જીવને કાંઈ ન ક્ષેમસ્વરૂપ;**
**છતાં અવિદ્યાભાવથી રમણ કરે ત્યાં મૂઢ. ૫૫. —શ્રી સમાધિતંત્ર**

એમણે તો સત્યસિદ્ધાંત પ્રસિદ્ધ કર્યો છે. અને સત્યસિદ્ધાન્ત તરફથી ભાવુકતા હોય તો તેમાં શું દોષ છે? તને તો હજી બહારની ક્રિયાનું (જડની ક્રિયાનું) અકર્તાપણું પણ નથી બેસતું તો પછી, સમકિતી ઉદયભાવનો ય અકર્તા છે એ વાત ક્યાંથી બેસશે? અને બહાર જતું જ્ઞાન પણ મોક્ષનું સાધક નથી—એ વાત તને કેમ સમજાશે?

ધર્મીજીવ જ્ઞાનની સ્વસંવેદનધારાથી મોક્ષ લેશે.

બહારના જ્ઞાનની ધારા કાંઈ મોક્ષ નહિ આપે.

તો પછી, રાગ કે જડની ક્રિયા તો મોક્ષ ક્યાંથી આપે?

આવું જાણે ત્યાં બહારના જાણપણાનો વધુ ક્ષયોપશમ હોય કે પુણ્યોદય વિશેષ હોય તોપણ તેનો ગર્વ જ્ઞાનીને હોતો નથી. અરે, જે મારા મોક્ષનું કારણ નહિ તેનો ગર્વ શો? સ્વાનુભવમાં મને જે કામ ન આવે તેનો મહિમા શો? બાર અંગ જાણતાં ન હોય છતાં જ્ઞાનીને કોઈવાર એવી લબ્ધિ ઊઘડી જાય કે શ્રુતકેવળી જેવો જ નિઃશંક જવાબ ગમે તેવા સૂક્ષ્મતત્ત્વોમાં પણ આપે. છતાં એ ઉઘાડનો ગર્વ કે મહત્તા જ્ઞાનીને નથી. જ્ઞાનની ખરી શક્તિ સ્વસંવેદનમાં છે. સ્વસંવેદનને ઓળખે એને જ્ઞાનીના ખરા મહિમાની ખબર પડે. કોઈને બાર અંગનું જ્ઞાન ન હોય તોપણ સ્વાનુભવના જોરે મોક્ષમાર્ગને સાધીને જ્ઞાતા કેવળજ્ઞાન લેશે.

પરાશ્રિત રાગ કે પરાશ્રિત જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. સ્વાનુભૂતિનું સામર્થ્ય તે જ મોક્ષમાર્ગ છે. પરાશ્રય વગરનો આવો મોક્ષમાર્ગ જ્ઞાતા જ સાધી જાણે છે, અજ્ઞાની તેને જાણી શકતો નથી. અહો, આ તો અર્હન્તોનો શૂરવીરોનો માર્ગ છે; આ કાંઈ કાયરોનો માર્ગ નથી. સમસ્ત પરભાવોને હેય કરીને અને શુદ્ધતાને ઉપાદેય કરીને ઊભો થાય એવો હરિનો માર્ગ તે શૂરવીરોનો એટલે કે સ્વાશ્રય કરનારાઓનો માર્ગ છે, તેમાં કાયરોનું એટલે પરાશ્રય કરનારાનું કામ નથી. વીતરાગી મોક્ષમાર્ગનો પડકાર કરતાં સંતો કહે છે કે અરે, રાગને ધર્મ માનનારા કાયરો! તમે ચૈતન્યના વીતરાગ માર્ગે નહીં ચડી શકો...ચૈતન્યને સાધવાનો સ્વાધીન–પુરુષાર્થ તમે નહિ પ્રગટાવી શકો. સ્વાધીન ચૈતન્યનો તમારો પુરુષાર્થ ક્યાં ગયો? તમે ધર્મ કરવા નીકળ્યા છો, –તો ચૈતન્યશક્તિની વીરતા તમારામાં પ્રગટાવો; એ વીતરાગી વીરતા વડે જ મોક્ષમાર્ગ સધાશે. વ્યવહારના રાગની રુચિ આડે જીવને અંતરસ્વભાવમાં જવાનો ઉમંગ આવતો નથી. માટે રાગનો રસ છોડી ચૈતન્યસ્વભાવનો ઉત્સાહ કરો,–જેથી સ્વસત્તાના અવલંબન તરફ જ્ઞાન વળે ને મોક્ષમાર્ગને સાધે. અહો! આવા સ્વાનુભવજ્ઞાનથી મોક્ષમાર્ગને સાધનાર જ્ઞાનીના મહિમાની શી વાત!! એની દશાને ઓળખનારા જીવો ન્યાલ થઈ ગયા છે. *(ક્રમશઃ)*

# પરમાગમ શ્રી પ્રવચનસારનો સાર

ભગવાન કુંદકુંદાચાર્યનાં રચેલાં અનેક શાસ્ત્રો છે, જેમાંથી થોડાંક હાલમાં વિદ્યમાન છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખમાંથી વહેલી શ્રુતામૃતની સરિતામાંથી ભરી લીધેલાં તે અમૃતભાજનો હાલમાં પણ અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે. તેમનાં સમયસાર, પંચાસ્તિકાય અને પ્રવચનસાર નામનાં ત્રણ ઉત્તમોત્તમ શાસ્ત્રો 'પ્રાભૃતત્રય' કહેવાય છે. આ ત્રણ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર આવી જાય છે. ભગવાન કુંદકુંદાચાર્ય પછી લખાયેલા ઘણા ગ્રંથોનાં બીજડાં આ ત્રણ પરમાગમોમાં રહેલાં છે એમ સૂક્ષ્મ દૃષ્ટિથી અભ્યાસ કરતાં જણાય છે. શ્રી સમયસાર આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધ સ્વરૂપ સર્વ તરફથી—આગમ, યુક્તિ, અનુભવ અને પરંપરાથી—અતિ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. પંચાસ્તિકાયમાં છ દ્રવ્યનું અને નવ તત્ત્વનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું છે. પ્રવચનસારમાં તેના નામ અનુસાર જિનપ્રવચનનો સાર સંઘર્યો છે. જેમ સમયસારમાં મુખ્યત્વે દર્શનપ્રધાન નિરૂપણ છે, તેમ પ્રવચનસારમાં મુખ્યત્વે જ્ઞાનપ્રધાન નિરૂપણ છે.

શ્રી પ્રવચનસારના પ્રારંભમાં જ શાસ્ત્રકર્તાએ વીતરાગ ચારિત્ર માટેની પોતાની ઝંખના વ્યક્ત કરી છે. વારંવાર અંતરમાં ડૂબકી મારતા આચાર્યભગવાન નિરંતર અંદર જ સમાઈ રહેવાને ઝંખે છે પણ જ્યાં સુધી એ દશાને પહોંચાતું નથી ત્યાં સુધી અંતર-અનુભવથી છૂટી વારંવાર બહાર પણ અવાઈ જાય છે. એ દશામાં જે અમૂલ્ય વચનમૌક્તિકોની માળા ગુંથાઈ તે આ પ્રવચનસાર પરમાગમ છે. આખા પરમાગમમાં વીતરાગ ચારિત્રની ઝંખનાનો મુખ્ય ધ્વનિ ગુંજી રહ્યો છે.

એવા આ પરમ પવિત્ર શાસ્ત્રને વિષે ત્રણ શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન છે. અનાદિ કાળથી પરસન્મુખ જીવોને 'હું જ્ઞાનસ્વભાવ છું અને મારું સુખ મારામાં જ છે' એવી શ્રદ્ધા કદી થઈ નથી અને તેથી તેની ઓશિયાળી પરસન્મુખ વૃત્તિ કદી ટળતી નથી. એવા દીન દુઃખી જીવો પર આચાર્યભગવાને પરમ કરુણા કરી આ અધિકારમાં જીવનો જ્ઞાનાનંદસ્વભાવ વિસ્તારથી સમજાવ્યો છે તેમ જ કેવળીના જ્ઞાન અને કેવળીના સુખ માટેની ધોધમાર ઉત્કૃષ્ટ ભાવના વહાવી છે. 'ક્ષાયિક જ્ઞાન જ ઉપાદેય છે, ક્ષાયોપશમિક જ્ઞાનવાળા તો કર્મભારને જ ભોગવે છે, પ્રત્યક્ષ જ્ઞાન જ એકાંતિક સુખ છે, પરોક્ષ જ્ઞાન તો અત્યંત આકુળ છે, કેવળીનું અતીન્દ્રિય સુખ તે જ સુખ છે, ઇન્દ્રિયજનિત સુખ તો દુઃખ જ છે, સિદ્ધભગવાન સ્વયમેવ જ્ઞાન, સુખ ને દેવ છે, ઘાતિકર્મરહિત ભગવાનનું સુખ સાંભળીને પણ જેમને તેની શ્રદ્ધા થતી નથી તેઓ અભવ્ય (દૂરભવ્ય) છે' એમ અનેક અનેક પ્રકારે આચાર્યભગવાને કેવળજ્ઞાન અને અતીન્દ્રિય પરિપૂર્ણ સુખ માટે પોકાર કર્યો છે. કેવળીનાં જ્ઞાન અને આનંદ માટે આચાર્યભગવાને એવી ભાવભીની ધૂન મચાવી

**આત્મતત્ત્વમાં સ્થિત થઈ નિત્ય દેખવું એમ,**
**મુજ તન તે મુજ આત્મ નહિ, પર તનનું પણ તેમ. ૫૭. —શ્રી સમાધિતંત્ર**

છે કે તે વાંચીને સહેજે એમ લાગી જાય છે કે વિદેહવાસી સીમંધરભગવાન પાસેથી અને કેવળીભગવંતોનાં ટોળાં પાસેથી ભરતક્ષેત્રમાં આવીને તુરત જ કદાચ આચાર્યભગવાને આ અધિકાર રચી પોતાની હૃદયોર્મિઓ વ્યક્ત કરી હોય. આ રીતે જ્ઞાન અને સુખનું અનુપમ નિરૂપણ કરી આ અધિકારમાં આચાર્યભગવાને મુમુક્ષુઓને અતીન્દ્રિય જ્ઞાન અને સુખની રુચિ તથા શ્રદ્ધા કરાવી છે અને છેલ્લી ગાથાઓમાં મોહરાગદ્વેષને નિર્મૂળ કરવાનો જિનોક્ત યથાર્થ ઉપાય સંક્ષેપમાં દર્શાવ્યો છે.

બીજા શ્રુતસ્કંધનું નામ જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન છે. અનાદિ કાળથી પરિભ્રમણ કરતો જીવ બધું કરી ચૂક્યો છે પણ સ્વ-પરનું ભેદવિજ્ઞાન તેણે કદી કર્યું નથી. 'બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં જીવ એકલો જ કર્તા, કર્મ, કરણ અને કર્મફળ બને છે, પર સાથે તેને કદીયે કાંઈ જ સંબંધ નથી' એવી સાનુભવ શ્રદ્ધા તેને કદી થઈ નથી. તેથી હજારો મિથ્યા ઉપાયો કરવા છતાં તે દુઃખમુક્ત થતો નથી. આ શ્રુતસ્કંધમાં આચાર્યભગવાને દુઃખનું મૂળ છેદવાનું સાધન—ભેદવિજ્ઞાન—સમજાવ્યું છે. 'જગતનું પ્રત્યેક સત્ અર્થાત્ પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિવાય કે ગુણપર્યાય-સમૂહ સિવાય બીજું કાંઈ જ નથી. સત્ કહો, દ્રવ્ય કહો, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કહો, ગુણપર્યાયપિંડ કહો—એ બધું એક જ છે.' આ, ત્રિકાળજ્ઞ જિનભગવંતોએ સાક્ષાત્ દેખેલા વસ્તુસ્વરૂપનો મૂળભૂત—પાયાનો—સિદ્ધાંત છે. વીતરાગવિજ્ઞાનનો આ મૂળભૂત સિદ્ધાંત શરૂઆતની ઘણી ગાથાઓમાં અત્યંત અત્યંત સુંદર રીતે કોઈ લોકોત્તર વૈજ્ઞાનિકની ઢબથી સમજાવવામાં આવ્યો છે. ત્યાં દ્રવ્યસામાન્યનું સ્વરૂપ જે અલૌકિક શૈલીથી સિદ્ધ કર્યું છે તેનો ખ્યાલ વાચકને એ ભાગ જાતે જ વાંચ્યા વિના આવવો અશક્ય છે. ખરેખર પ્રવચનસારમાં વર્ણવેલું આ દ્રવ્યસામાન્યનિરૂપણ અત્યંત અબાધ્ય અને પરમ પ્રતીતિકર છે. એ રીતે દ્રવ્યસામાન્યના જ્ઞાનરૂપી સુદૃઢ ભૂમિકા રચીને, દ્રવ્યવિશેષનું અસાધારણ વર્ણન, પ્રાણાદિથી જીવનું ભિન્નપણું, જીવ દેહાદિકનો કર્તા-કારયિતા-અનુમંતા નથી એ હકીકત, જીવને પુદ્‌ગલપિંડનું અકર્તાપણું, નિશ્ચયબંધનું સ્વરૂપ, શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ, એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન વગેરે અનેક વિષયો અતિ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યા છે. એ બધામાં સ્વ-પરનું ભેદવિજ્ઞાન જ નીતરી રહ્યું છે. આખા અધિકારમાં વીતરાગપ્રણીત દ્રવ્યાનુયોગનું સત્ત્વ ઠાંસી ઠાંસીને ભર્યું છે, જિનશાસનના મૌલિક સિદ્ધાંતોને અબાધ્ય યુક્તિથી સિદ્ધ કર્યા છે. આ અધિકાર જિનશાસનના સ્તંભ સમાન છે. એનો ઊંડાણથી અભ્યાસ કરનાર મધ્યસ્થ સુપાત્ર જીવને 'જૈનદર્શન જ વસ્તુદર્શન છે' એમ લાગ્યા વિના રહેતું નથી. વિષયનું પ્રતિપાદન એટલું પ્રૌઢ, અગાધ ઊંડપવાળું, મર્મસ્પર્શી અને ચમત્કૃતિમય છે કે તે મુમુક્ષુના ઉપયોગને તીક્ષ્ણ બનાવી શ્રુતરત્નાકરના ગંભીર ઊંડાણમાં લઈ જાય છે, કોઈ ઉચ્ચ કોટિના મુમુક્ષુને નિજ સ્વભાવરત્નની પ્રાપ્તિ કરાવે છે અને કોઈ સામાન્ય મુમુક્ષુ ત્યાં સુધી ન પહોંચી શકે તો તેના હૃદયમાં પણ 'શ્રુતરત્નાકર અદ્‌ભુત અને અપાર છે' એવો મહિમા તો જરૂર ઘર કરી જાય છે. ગ્રંથકાર શ્રી કુંદકુંદાચાર્યદેવ અને


**તન સુખ-દુખ જાણે નહીં, તથાપિ એ તનમાંય,**
**નિગ્રહ ને અનુગ્રહ તણી બુદ્ધિ અબુધને થાય. ૬૧. —શ્રી સમાધિતંત્ર**

ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવના હૃદયમાંથી વહેલી શ્રુતગંગાએ તીર્થંકરના અને શ્રુતકેવળીઓના વિરહને ભુલાવ્યા છે.

ત્રીજા શ્રુતસ્કંધનું નામ ચરણાનુયોગસૂચક ચૂલિકા છે. શુભોપયોગી મુનિને અંતરંગ દશાને અનુરૂપ કેવા પ્રકારનો શુભોપયોગ વર્તે છે અને સાથે સાથે સહજપણે બહારની કેવી ક્રિયાઓ સ્વયં વર્તતી હોય છે તે આમાં જિનેન્દ્રકથન અનુસાર સમજાવવામાં આવ્યું છે. દીક્ષા ગ્રહણ કરવાની જિનોક્ત વિધિ, અંતરંગ સહજદશાને અનુરૂપ બહિરંગ યથાજાતરૂપપણું, ૨૮ મૂળગુણ, અંતરંગ-બહિરંગ છેદ, ઉપધિનિષેધ, ઉત્સર્ગ-અપવાદ, યુક્તાહારવિહાર, એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ, મુનિનું અન્ય મુનિઓ પ્રત્યેનું વર્તન વગેરે અનેક વિષયો આમાં યુક્તિ સહિત સમજાવવામાં આવ્યા છે. ગ્રંથકાર અને ટીકાકાર આચાર્યયુગલે ચરણાનુયોગ જેવા વિષયનું પણ, આત્મદ્રવ્યને મુખ્ય રાખીને, શુદ્ધદ્રવ્યાવલંબી અંતરંગ દશા સાથે તે તે ક્રિયાઓનો અથવા શુભ ભાવોનો સંબંધ દર્શાવતાં દર્શાવતાં, નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વક એવી ચમત્કૃતિથી વર્ણન કર્યું છે કે આચરણપ્રજ્ઞાપન જેવા અધિકારમાં પણ જાણે કે કોઈ શાંતરસઝરતું અધ્યાત્મગીત ગવાઈ રહ્યું હોય એમ જ લાગ્યા કરે છે. આત્મદ્રવ્યને મુખ્ય રાખીને આવું મધુર, આવું સયુક્તિક, આવું પ્રમાણભૂત, સાદ્યંત શાંતરસનિર્ઝરતું ચરણાનુયોગનું પ્રતિપાદન અન્ય કોઈ શાસ્ત્રને વિષે નથી. હૃદયમાં ભરેલા અનુભવામૃતમાં રગદોળાઈને નીકળતી બન્ને આચાર્યદેવોની વાણીમાં કોઈ એવો ચમત્કાર છે કે જે જે વિષયને તે સ્પર્શે તે તે વિષયને પરમ રસમય, શીતળ શીતળ, સુધાસ્યંદી બનાવી દે છે.

આમ ત્રણ શ્રુતસ્કંધોમાં વિભાજિત આ પરમ પવિત્ર પરમાગમ મુમુક્ષુઓને યથાર્થ વસ્તુસ્વરૂપ સમજવામાં મહા નિમિત્તભૂત છે. જિનશાસનના અનેક મુખ્ય મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ શાસ્ત્રમાં રહેલાં છે. આ શાસ્ત્રમાં પ્રત્યેક પદાર્થના સ્વાતંત્ર્યનો ઢંઢેરો છે, દિવ્યધ્વનિ દ્વારા નીકળેલા અનેક પ્રયોજનભૂત સિદ્ધાંતોનું દોહન છે. ગુરુદેવ અનેક વાર કહે છે : 'શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર આદિ શાસ્ત્રોની ગાથાએ ગાથાએ દિવ્યધ્વનિનો સંદેશ છે. એ ગાથાઓમાં એટલી અપાર ઊંડપ છે કે તે ઊંડપ માપવા જતાં પોતાની જ શક્તિ મપાઈ જાય છે. એ સાગરગંભીર શાસ્ત્રોના રચનાર પરમ કૃપાળુ આચાર્યભગવાનનું કોઈ પરમ અલૌકિક સામર્થ્ય છે. પરમ અદ્‌ભુત સાતિશય અંતર્બાહ્ય યોગો વિના એ શાસ્ત્રો રચાવાં શક્ય નથી. એ શાસ્ત્રોની વાણી તરતા પુરુષની વાણી છે એમ સ્પષ્ટ જાણીએ છીએ. એની દરેક ગાથા છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતા મહામુનિના આત્મ-અનુભવમાંથી નીકળેલી છે. એ શાસ્ત્રોના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓ આઠ દિવસ રહ્યા હતા એ વાત યથાતથ્ય છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે. તે પરમ ઉપકારી આચાર્યભગવાને રચેલાં સમયસાર, પ્રવચનસારાદિ શાસ્ત્રોમાં તીર્થંકરદેવના ૐકારધ્વનિમાંથી જ નીકળેલો ઉપદેશ છે.'

**સ્થૂલ વસ્ત્રથી જે રીતે સ્થૂલ ગણે ન શરીર,**
**પુષ્ટ દેહથી જ્ઞાનીજન પુષ્ટ ન માને જીવ. ૬૩.** **—શ્રી સમાધિતંત્ર**


પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

(ગતાંકથી ચાલુ)

દુકાન ઉપર પણ તેઓ વૈરાગ્યપ્રેરક અને તત્ત્વબોધક ધાર્મિક પુસ્તકો વાંચતા હતા. તેમનું મન વેપારમય કે સંસારમય થયું નહોતું. તેમનો આત્મા અંદર જુદી જ શોધમાં હતો. તેમના અંતરનો ઝોક સદા ધર્મ ને સત્યની શોધ પ્રતિ જ હતો. તેમનો ધાર્મિક અભ્યાસ, ઉદાસીન જીવન અને સરળ અંતઃકરણ જોઈને સગાંસંબંધીઓ તેમને 'ભગત' કહેતા. સગપણનાં કહેણ આવતાં; 'મારું વેવિશાળ કરવાનું નથી, મારે જાવજીવ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે ને મારા ભાવ દીક્ષા લેવાના છે.' ખુશાલભાઈ તથા સગાંસંબંધીઓ દ્વારા ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગ્યભીના ચિત્તને સંસારમાં રહેવાનું પસંદ પડ્યું નહિ. યોગ્ય ગુરુ માટે ખૂબ શોધ કરી; સૌરાષ્ટ્ર, ગુજરાત ને રાજસ્થાનમાં ઘણા સાધુઓને મળ્યા, પણ ક્યાંય મન ઠર્યું નહિ. છેવટે બોટાદ સંપ્રદાયના શ્રી હિરાચંદજી મહારાજના હાથે દીક્ષા લેવાનું નક્કી થયું. વિ.સં. ૧૯૭૦ના માગશર સુદ ૯ને રવિવારના દિવસે ઉમરાળામાં મોટી ધામધૂમથી દીક્ષામહોત્સવ થયો.




દીક્ષા લઈને તુરત જ મહારાજશ્રીએ શ્વેતામ્બર આગમોનો સખત અભ્યાસ કરવા માંડ્યો. ચારેક વર્ષમાં પિસ્તાળીસ આગમો, લાખો શ્લોકોની ટીકા સહિત, વિચારપૂર્વક વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર કડક પાળતા. થોડા જ વખતમાં તેમના આત્માર્થીપણાની, જ્ઞાનપિપાસાની ને ઉગ્ર ચારિત્રની સુવાસ સ્થાનકવાસી સંપ્રદાયમાં ખૂબ ફેલાઈ ગઈ હતી.

મહારાજશ્રી પ્રથમથી જ તીવ્ર પુરુષાર્થી હતા. પુરુષાર્થ એ જ એમનો જીવનમંત્ર

> **જીર્ણ વસ્ત્રથી જે રીતે જીર્ણ ગણે ન શરીર,**
> **જીર્ણ દેહથી જ્ઞાનીજન જીર્ણ ન માને જીવ. ૬૪. —શ્રી સમાધિતંત્ર**

હતો. 'કેવળી ભગવાને જોયું હશે ત્યારે મોક્ષ થશે'—એમ કાળલબ્ધિ ને ભવિતવ્યતાની પુરુષાર્થહીનતાભરી વાતો કોઈ કરે તો તેઓ તે સાંખી શકતા નહિ અને દ્રઢપણે કહેતા કે 'જે પુરુષાર્થી છે તેને અનંત ભવો હોય જ નહિ. કેવળીએ પણ તેના અનંત ભવ દીઠા જ નથી. પુરુષાર્થીને ભવસ્થિતિ આદિ કાંઈ નડતું નથી'.

દીક્ષાપર્યાય દરમ્યાન તેમણે શ્વેતાંબર શાસ્ત્રોનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કર્યો. લાખ શ્લોકપ્રમાણ ટીકાયુક્ત ભગવતીસૂત્ર તેઓશ્રીએ ૧૭ વાર વાંચ્યું હતું. દરેક કાર્ય કરતાં તેમનું લક્ષ સત્યની શોધ પ્રતિ જ રહેતું. છતાં જેની શોધમાં તેઓ હતા તે તેમને હજુ મળ્યું નહોતું; અથકપણે ઉલ્લસિત વીર્યથી શોધવૃત્તિ ચાલુ જ હતી; ત્યાં—




વિ.સં. ૧૯૭૮મા વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્-ભગવત્કુંદકુંદાચાર્યદેવ-પ્રણીત શ્રી સમયસાર નામનો મહાન ગ્રંથ મહારાજશ્રીના કરકમળમાં આવ્યો. તે વાંચતાં જ તેમના હર્ષનો પાર ન રહ્યો. જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. સમયસારમાં મહારાજશ્રીના અંતરનયને અમૃતના સરોવર છલકાતાં જોયાં; એક પછી એક ગાથા વાંચતાં તેમણે ઘૂંટડા ભરી ભરીને અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારે મહારાજશ્રી પર અપૂર્વ, અલૌકિક, અનુપમ ઉપકાર કર્યો અને તેમના આત્માનંદનો પાર ન રહ્યો. મહારાજશ્રીના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર તરફ વળી—ઉપયોગનો પ્રવાહ સુધાસિંધુ જ્ઞાયકદેવ તરફ વળ્યો. તેમની જ્ઞાનકળા અપૂર્વ રીતે ખીલી ઊઠી.

વિ.સં. ૧૯૯૧ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી મહારાજશ્રીએ સૌરાષ્ટ્રનાં અનેક પ્રમુખ શહરોમાં ચાતુર્માસ કર્યાં અને શેષકાળમાં સેંકડો નાનાંમોટાં ગામોને પાવન કર્યાં. હજારો શ્રોતાઓને તેમના ઉપદેશ પ્રત્યે બહુમાન પ્રગટ્યું. ક્રિયાકાંડમાં લુપ્ત થયેલા અધ્યાત્મધર્મનો ઉદ્યોત ઘણો થયો. તેમનાં પ્રવચનમાં એવા અલૌકિક આધ્યાત્મિક ન્યાયો આવતા કે બીજે

**વસ્ત્રનાશથી જે રીતે નષ્ટ ગણે ન શરીર,**
**દેહનાશથી જ્ઞાનીજન નષ્ટ ન માને જીવ. ૬૫. —શ્રી સમાધિતંત્ર**

ક્યાંય સાંભળવા ન મળ્યા હોય. 'જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ હેય છે....શરીરમાં રોમે રોમે તીવ્ર રોગ થાય તે દુઃખ જ નથી, દુઃખનું સ્વરૂપ જુદું છે...વ્યાખ્યાન સાંભળી ઘણા જીવો બૂઝે તો મને ઘણો લાભ થાય એમ માનનાર વ્યાખ્યાતા મિથ્યાદ્રષ્ટિ છે....આ દુઃખમાં સમતા નહિ રાખું તો કર્મ બંધાશે—એવા ભાવે સમતા રાખવી તે પણ મોક્ષમાર્ગ નથી....પાંચ મહાવ્રત પણ માત્ર પુણ્યબંધનાં કારણ છે' આવા હજારો અપૂર્વ ન્યાયો વ્યાખ્યાનમાં અત્યંત સ્પષ્ટ રીતે લોકોને સમજાવતા. પ્રત્યેક પ્રવચનમાં તેઓ કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન પર અત્યંત અત્યંત ભાર મૂકતા. તેઓશ્રી કહેતા : "શરીરનાં ચામડાં ઊતરડીને ખાર છાંટનાર ઉપર પણ ક્રોધ ન કર્યો—એવાં વ્યવહારચારિત્રો આ જીવે અનંતવાર પાળ્યાં છે, પણ સમ્યગ્દર્શન એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી...લાખો જીવોની હિંસાના પાપ કરતાં મિથ્યાદર્શનનું પાપ અનંતગણું છે....સમકિત સહેલું નથી, લાખો કરોડોમાં કોઈક વિરલ જીવને જ તે હોય છે. સમકિતી જીવ પોતાનો નિર્ણય પોતે જ કરી શકે છે. સમકિતી આખા બ્રહ્માંડના ભાવોને પી ગયો હોય છે. સમકિત એ કોઈ જુદી જ વસ્તુ છે. સમકિત વિનાની ક્રિયાઓ એકડા વિનાનાં મીંડાં છે...સમકિતનું સ્વરૂપ ઘણું જ સૂક્ષ્મ છે...હીરાની કિંમત હજારો રૂપિયા હોય છે, તેના પાસા પડતાં ખરેલી રજની કિંમત પણ સેંકડો રૂપિયા હોય છે; તેમ સમકિત-હીરાની કિંમત તો અમૂલ્ય છે, તે મળ્યો તો તો કલ્યાણ થઈ જશે પણ તે ન મળ્યો તોપણ 'સમકિત એ કાંઈક જુદી જ વસ્તુ છે'—એમ તેનું માહાત્મ્ય સમજાઈ તે મેળવવાની તાલાવેલીરૂપ રજો પણ ઘણો લાભ આપે છે....જાણપણું તે જ્ઞાન નથી; સમકિત સહિત જાણપણું તે જ જ્ઞાન છે. અગિયાર અંગ કંઠાગ્રે હોય પણ સમકિત ન હોય તો તે અજ્ઞાન છે....આજકાલ તો સૌ પોતપોતાના ઘરનું સમકિત માની બેઠા છે. સમકિતીને તો મોક્ષના અનંત અતીન્દ્રિય સુખની વાનગી પ્રાપ્ત થઈ હોય છે. તે વાનગી મોક્ષના સુખના અનંતમા ભાગે હોવા છતાં અનંત છે." આ રીતે સમ્યગ્દર્શનનું અદ્‌ભુત માહાત્મ્ય અનેક સમ્યક્ યુક્તિઓથી, અનેક પ્રમાણોથી અને અનેક સચોટ દ્રષ્ટાંતોથી તેઓશ્રી લોકોને ઠસાવતા. તેમનો પ્રિય અને મુખ્ય વિષય સમ્યગ્દર્શન હતો અને સંપ્રદાયમાં હતા ત્યારથી જ તેનું સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરતા હતા. પહેલાં સાચી સમજણ કરવાની ખાસ જરૂર છે એમ તેઓ ભાર દઈને પહેલેથી જ કહેતા અને પ્રવચનના આરંભમાં એક ગાથા બોલતા—'संबुज्जह जंतवो....' અર્થાત્ હે જીવો! તમે સમ્યક્ પ્રકારે બુઝો! એટલે કે સમજો....સમજો!! આમ મૂળથી જ તેઓ સાચી સમજણ કરવાનો ઉપદેશ આપતા હતા. (ક્રમશઃ) ❊

> **હું ગોરો કૃશ સ્થૂલ ના, એ સૌ છે તનભાવ,**
> **—એમ ગણો, ધારો સદા આત્મા જ્ઞાનસ્વભાવ. ૭૦. —શ્રી સમાધિતંત્ર**




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

### વચનામૃત—૪

**જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે. પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી. જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે. જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે. ૪.**

**'પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી.'**

પૂર્ણ 'અસ્તિ' સ્વરૂપ શુદ્ધ ચૈતન્યપ્રભુના—અનંતી અનંતી પરમાત્મપર્યાયની શક્તિનો પિંડ એવી નિજ આત્મવસ્તુના—જ્ઞાન વિના જીવ કષાયને ઓળખી શકતો નથી. દયા-દાન, વ્રત-ભક્તિ આદિના ભાવો તે રાગ-અંશ, કષાય-અંશ છે; એમ તે, ચૈતન્યસ્વરૂપના જ્ઞાન વિના કષાયને ઓળખી શકતો નથી; પણ કષાયને જ પોતાનું સ્વરૂપ માનીને ત્યાં અટકી ગયો છે.

રાગ તીવ્ર હો કે મંદ હો—તીવ્ર રાગ અશુભ કષાય છે એ તો ઠીક, પણ અંદર ગુણ-ગુણીના ભેદનો સૂક્ષ્મ વિકલ્પ ઊઠે એ પણ કષાય છે—અકષાયી આત્માના જ્ઞાન વિના જીવ કષાયને ઓળખી શકતો નથી.

આત્મા તો અકષાય ઉપશમસ્વરૂપ છે; નિજસ્વરૂપ જ પ્રભુ આત્મા છે. કહ્યું છે ને!

ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન,
મત-મદિરાકે પાનસૌં, મતબાલા સમુજૈ ન.

—એવા જિનસ્વરૂપી, અકષાયસ્વરૂપી, વીતરાગસ્વરૂપી—જેમાં કષાયનો અંશ નથી ને વીતરાગતાની પરિપૂર્ણતાથી ભરેલો છે એવા—નિજ આત્મપદાર્થના જ્ઞાન વિના કષાયને

**જીવ જ પોતાને કરે જન્મ તથા નિર્વાણ;
તેથી નિજ ગુરુ નિશ્ચયે જીવ જ, અન્ય ન જાણ. ૭૫. —શ્રી સમાધિતંત્ર**

જીવ ઓળખી નહિ શકે અને રાગની મંદતાને પણ આત્મામાં ખતવી નાખશે.

'જ્ઞાન પોતે માર્ગને' ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે.'

આત્મવસ્તુ જ સર્વોત્કૃષ્ટ છે, અનંત શક્તિનો સાગર છે—એવું જે જ્ઞાન તે પોતે જ માર્ગને ઓળખે છે, તેને પરની અપેક્ષા કે મદદની જરૂર નથી.

પ્રશ્ન :—જ્ઞાનને વૈરાગ્યની જરૂર ખરી?

ઉત્તર :—હોય છે જ; જરૂર નહિ, હોય જ છે. જ્યાં જ્ઞાન છે ત્યાં વૈરાગ્ય હોય જ છે.

મોક્ષમાર્ગ શુદ્ધચૈતન્યનાં જ્ઞાન ને આનંદસ્વરૂપ શુદ્ધ પર્યાય છે; તેને જ્ઞાન પોતે બરાબર ઓળખે છે. જે ત્રિકાળી વસ્તુ છે તેને જાણનાર જ્ઞાન તે પર્યાય છે, તે જ્ઞાનપર્યાય—નિર્મળપર્યાય મોક્ષમાર્ગને જાણે છે અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી.

નાળિયેરમાં જેમ ગોળો, કાચલી આખી રહેવા છતાં, અંદર છૂટ્ટો પડ્યો છે તેમ સમકિતીને, ચારિત્ર પ્રગટ્યું નથી છતાં, અંદર ચૈતન્ય-ગોળો પ્રતીતિમાં રાગની કાચલીથી છૂટ્ટો-જુદો જ રહે છે.

અહીં કહે છે કે વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી; તીર્થંકરદેવની ભક્તિમાં પણ નહિ. શક્રેન્દ્ર અને તેની સ્ત્રી શચી-બંને એકાવતારી છે. તે અષ્ટાહ્નિકામાં નંદીશ્વરદ્વીપ જઈને ત્યાંનાં બાવન શાશ્વત જિનાલયોમાં સ્થિત શાશ્વત જિનપ્રતિમાઓ સન્મુખ ઘૂઘરા બાંધીને ભક્તિ કરે છે—નાચે છે; છતાં તે ક્રિયા અને તે તરફનો જે રાગ તેનાથી તે ભિન્ન છે. ભિન્ન કરવું પડતું નથી, પણ અંદર પરિણમન જ ભિન્ન પડી ગયું છે.

પૂર્ણ શુદ્ધ સ્વરૂપના જ્ઞાનથી વર્તમાન મોક્ષમાર્ગ જાણ્યો તેને રાગના અભાવસ્વરૂપ વૈરાગ્ય તો સદાય વર્તે છે, કે જે, જ્ઞાનને બધાથી નિસ્પૃહ રાખીને પોતાની મોજમાં ટકાવી રાખે છે, ક્યાંય ફસાવા દેતો નથી. અહા! આવી વસ્તુ છે!

**'જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે.'**

વસ્તુ તરીકે આત્મા તો પૂર્ણ પ્રભુ છે—એવું જ્યાં જ્ઞાન થઈ ગયું, ભલે તે આઠ વર્ષની બાલિકા હો, ત્યાં એ જ્ઞાન સહિતનું જીવન નિયમથી રાગના અભાવસ્વરૂપ હોય છે. રાગ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

**મૂઢ કુયોનિમહીં સૂતા તમોગ્રસ્ત ચિરકાળ;**
**જાગી તન-ભાર્યાદિમાં કરે 'હું-મુજ' અધ્યાસ. ૫૬.** —**શ્રી સમાધિતંત્ર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*શ્રોતા :—દ્રવ્ય મોજૂદ છે તો પણ દેખાતું કેમ નથી?*

પૂજ્ય બહેનશ્રી :—દ્રવ્ય તો સદા વ્યક્ત જ છે; પણ પોતે તેના ઉપર દૃષ્ટિ કરતો નથી તેથી દેખાતું નથી. અનાદિની દૃષ્ટિ પર તરફ છે તેથી બીજું બધું દેખાય છે, પણ પોતે પોતાને દેખતો નથી.

દ્રવ્ય મોજૂદ છે છતાં અનાદિની ભ્રાન્તિને લીધે તેને દેખાતું નથી. પોતે જ છે, તો પોતે પોતાનાથી છાનો કેમ રહે? પોતે પોતાથી છાનો નથી. તે સ્વયં છે, સાક્ષાત્ છે, જ્ઞાયક પોતે જ છે, બીજો નથી.

આ તો પોતે પોતાને દેખતો નથી તેના જેવી વાત છે. કોઈ કહે કે હું મને દેખતો નથી પણ જે જાણનારો છે તે પોતે જ છે. આ બધું કોણ જાણી રહ્યું છે? જે જે કાર્યો થાય છે, બધા વિકલ્પો આવે છે તેને જાણે છે કોણ? ગયા કાળમાં, વર્તમાનમાં ને ભવિષ્યમાં જે પ્રસંગો બન્યા, બને છે ને બનશે તેનું પોતાને અંદરમાં સ્મરણ રહે છે, યાદગીરી રહે છે, તો પોતે અસ્તિ ધરાવે છે તે નક્કી થાય છે. હું કોણ છું? હું તો શાશ્વત ટકતો આત્મા છું. બહારનું બધું પલટી જાય છે, હું પોતે તો શાશ્વત રહું છું.

જાણનારની દોરી એમ ને એમ ચાલુ જ રહે છે. એક પછી એક પર્યાયને ગ્રહણ નહિ કરતાં, તેમાં જે શાશ્વતો છે તે જ પોતે છે; પણ ભ્રાન્તિને લઈને ભૂલી ગયો છે કે હું મને દેખાતો નથી. પોતે જ પોતાની શંકા કરે એ અચરજની વાત છે. અજ્ઞાનથી પોતે પોતાની હયાતીને—અસ્તિત્વને ભૂલી ગયો છે.

*શ્રોતા :—આત્માની પ્રાપ્તિ માટે તત્ત્વનો સર્વાંગી અભ્યાસ જ કાર્યકારી છે કે એથી વિશેષ બીજી જરૂરિયાત છે?*

પૂજ્ય બહેનશ્રી :—તત્ત્વનું સાચું જ્ઞાન તો હોવું જ જોઈએ. જીવ અભ્યાસ તો કરે છે, પણ અભ્યાસની સાથે અંતરમાં તેને લગની, આત્માની મહિમા, વિરક્તિ એ બધું હોય તો થાય.

કોઈ માત્ર અભ્યાસ જ કરે ને તે અભ્યાસ પણ લુખ્ખો, શુષ્ક હોય તો કંઈ થાય નહિ. ચૈતન્યની તેને અંદરથી મહિમા હોય કે ચૈતન્ય દ્રવ્ય કેટલું સામર્થ્યવાન છે! આ બધું નિઃસાર

**સૂતો જે વ્યવહારમાં તે જાગે નિજમાંય;**
**જાગૃત જે વ્યવહારમાં, [૨]સુષુપ્ત આત્મામાંય. ૭૮　　—શ્રી સમાધિતંત્ર**

છે, સારભૂત તત્ત્વ તો એક આત્મા જ છે, એવું અંતરથી લાગવું જોઈએ. તેની લગની લાગવી જોઈએ ને વિભાવમાં તેને ક્યાંય ગમતું ન હોય. મારો સ્વભાવ જ આનંદદાયક અને સુખરૂપ છે એવું જો તેને અંદરથી લાગે તો તે આગળ જાય છે.

એકલો અભ્યાસ જ કરે તો ન થાય, પણ સાચું જ્ઞાન તેનો ઉપાય છે. સાચા જ્ઞાન વગર આગળ જઈ શકાતું નથી. દ્રવ્ય કોને કહેવાય, પર્યાય કોને કહેવાય તે જાણતો નથી તો માર્ગ જાણ્યા વગર આગળ જઈ શકાતું નથી. સાથે તત્ત્વને જાણીને અંદરથી એટલી લગની લાગવી જોઈએ, ચૈતન્યદ્રવ્ય વગર તેને ચેન પડે નહિ એવું લાગવું જોઈએ તો આગળ જાય છે.

*શ્રોતા :—શાસ્ત્ર-અભ્યાસમાંથી બધું ન મળી શકે?*

સમાધાન :—એકલા અભ્યાસમાંથી કાંઈ નીકળે નહિ. અભ્યાસ સાધન (નિમિત્ત) માત્ર થાય, પરંતુ અભ્યાસથી બધું મળી શકે નહિ. અંદર પોતાને પોતાની મહિમા લાગવી જોઈએ. આત્મા સારભૂત છે, એવું પોતાને લાગવું જોઈએ. અભ્યાસ બધું લાવી દેતો નથી. એવો અભ્યાસ તો જીવ ઘણી વાર કરે છે. નવ પૂર્વ ને અગિયાર અંગ સુધી ભણ્યો, પણ તેટલા માત્રથી કાંઈ થાય નહિ, બહિર્લક્ષી સાથે પોતાને અંતરની રુચિ જોઈએ. એકલો લુખ્ખો અભ્યાસ કામ ન કરે. રુચિ સહિત અભ્યાસ હોય તો વિભાવ તૂટીને સ્વભાવ પ્રાપ્ત થાય.

*શ્રોતા :—આ પરદ્રવ્ય છે એમ જાણે પછી તેને ત્યાગે છે —તો શું સાચું જ્ઞાન થયા પછી રાખવાનો ભાવ રહેતો જ નથી?*

પૂજ્ય બહેનશ્રી :—''આ પારકું છે એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે''—જ્યાં જાણ્યું કે આ મારા છે જ નહિ, ત્યાં સાચું જ્ઞાન થતાં તેને પરદ્રવ્યની મમતાનો ભાવ આવે જ નહિ, એવું જ્ઞાન થઈ જાય છે. હું આ જ્ઞાયક છું, પરદ્રવ્ય તો મારાં છે જ નહિ, હું અને પરદ્રવ્ય બંને તદ્દન જુદાં છે, વિભાવ તે મારો સ્વભાવ નથી એમ અંતરથી જોરદાર પ્રતીતિ-જ્ઞાન આવે તો એ વિભાવથી છૂટો જ પડી જાય, એવું ભેદજ્ઞાન થવું જોઈએ.

પ્રતીતિ એવી થઈ ને સાચું જાણ્યું કે આ મારા નથી, તો તે એમાં ઊભો જ શું કામ રહે? માટે સાચું જ્ઞાન થાય પછી પરદ્રવ્યની મમતા છૂટી જ જાય. શાસ્ત્રમાં ધોબીના કપડાનું દ્રષ્ટાંત આવે છે કે જ્યાં ખબર પડી કે આ વસ્ત્ર મારું નથી, બીજાનું છે ત્યાં તેને વસ્ત્રનો ત્યાગ થઈ જાય ૩૯૭
છે, મમત્વ છૂટી જાય છે. આ તો અંદરથી વિરક્તિ આવે ને આત્માની મહિમા હોય તો પરની મમતા છૂટે. જ્ઞાન કરે છે ને પરની મમતા છૂટતી નથી તો જ્ઞાન જ સાચું નથી. મહિમાવંત પદાર્થ તો આત્મા જ છે, બીજું કંઈ મહિમાવંત નથી. બહારનું તો બધું તુચ્છ છે.

**સ્વાત્મદર્શીને પ્રથમ તો જગ ઉન્મત્ત જણાય;**
**દ્રઢ અભ્યાસ પછી જગત્ કાષ્ટ-દ્રષદવત્[3] થાય. ૮૦. —શ્રી સમાધિતંત્ર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—ભગવાનની ભક્તિથી રૂપિયા-પેસા વગેરે લૌકિક સુખની સામગ્રી મળે છે કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે રૂપિયા-પૈસાની આશાથી વીતરાગની ભક્તિ કરે છે તે વ્યવહારથી પણ ભગવાનનો ભક્ત નથી, જો કોઈ લૌકિક સામગ્રીની આશાથી સાચા દેવ-ગુરુને માને અને કુદેવાદિને ન માને તોપણ તે પાપી છે. તેને ગૃહીત મિથ્યાત્વ પણ છૂટ્યું છે એમ કહી શકાતું નથી. વીતરાગી દેવ-ગુરુ તો ધર્મને સમજાવવા માટે નિમિત્તમાત્ર છે. તેની જગ્યાએ જો કોઈ લૌકિક આશાથી તેમને માને છે તો તેને પુણ્ય પણ થશે નહિ, પાપ બંધ જ થશે; ધર્મ સમજવાની વાત તો દૂર જ રહી.

શ્રોતા :—સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને માનવાથી સમ્યગ્દર્શન તો થઈ જશે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્યારે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ કરીને તેના માટે તન-મન-ધન અર્પણ કરવાની ભાવના થાય અને કુગુરુ-કુદેવાદિમાં પ્રવૃત્તિ ન હોય ત્યારે ગૃહીત મિથ્યાત્વ છૂટી જાય છે અને જ્યારે તેને આત્માની એવી શ્રદ્ધા થઈ જાય કે દેવ-ગુરુ પ્રત્યેનો રાગ પણ પુણ્ય બંધનું કારણ છે, તે આત્માનું સ્વરૂપ નથી ત્યારે અગૃહીત મિથ્યાત્વ પણ છૂટી જાય છે. અનાદિનું અગૃહીત મિથ્યાત્વ છૂટતાં જ જિનેન્દ્ર ભગવાનનો સાચો ભક્ત થાય છે. સાચું જૈનપણું પ્રગટ થાય છે.

શ્રોતા :—આપ કહો છો કે શુભભાવથી ધર્મ નથી થતો; તેથી અમને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો ઉત્સાહ આવતો નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ ઠીક છે કે શુભરાગથી ધર્મ નથી થતો, પરંતુ એ ક્યાં કહ્યું છે કે શુભરાગને છોડીને અશુભરાગ કરો? છતાં તું સ્ત્રી-પુત્ર-લક્ષ્મી આદિના અશુભરાગમાં રચ્યો પચ્યો કેમ રહે છે? તેથી સિદ્ધ થાય છે કે તને નિમિત્તની પરીક્ષા કરતાં આવડતું નથી. જેને નિમિત્તની પરીક્ષાનું ઠેકાણું નથી, તે પોતાના ઉપાદાન સ્વરૂપને કેવી રીતે ઓળખશે? ભગવાન અરહંત દેવ, સત્ શાસ્ત્ર અને નગ્ન દિગંબર ભાવલિંગી સદ્‌ગુરુ પોતાના સત્‌સ્વરૂપને સમજવામાં નિમિત્ત છે.

**બહુ સુણે ભાખે ભલે દેહભિન્નની વાત;**
**પણ તેને નહિ અનુભવે ત્યાં લગી નહિ શિવલાભ. ૮૧.** —શ્રી સમાધિતંત્ર

શ્રોતા :—આપ તો વ્યવહારને હેય કહો છો, છતાં અરિહંતાદિની ભક્તિનો ઉપદેશ શા માટે આપો છો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે આ તો જાણતો નથી કે નિશ્ચય શું છે? વ્યવહાર શું છે? અને વ્યવહારશુદ્ધિ વિના માત્ર નિશ્ચયનયની જ વાતો કરે છે તેને નિશ્ચયનય પ્રગટતો નથી.જેને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના માટે તન-મન-ધન અર્પણ કરવાનો ભાવ આવે છે તે વ્યવહારથી અરિહંતાદિનો ભક્ત છે. પ્રશસ્ત શુભરાગ થતાં ગૃહીત મિથ્યાત્વ છૂટી જાય છે અને અંતરસ્વભાવના સન્મુખતાના બળે શુભરાગથી પોતાને જુદો જાણીને શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા કરતાં નિશ્ચય સમ્યક્ત્વ થાય છે.

શ્રોતા :—ભગવાનની વ્યવહાર ભક્તિ અને નિશ્ચય ભક્તિનું શું સ્વરૂપ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ હોય છે તથા તેને તેમાં સર્વસ્વ સમર્પણ કરવાનો ભાવ હોય છે, તે વ્યવહારથી ભગવાનનો ભક્ત કહેવાય છે. ભગવાનનો વ્યવહારભક્ત વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુને છોડીને કુગુરુ-કુદેવ વગેરેનું સમર્થન કરતો નથી. સત્યમાર્ગ એક જ હોય છે. ત્રણ લોક અને ત્રણ કાળમાં પણ સત્યમાર્ગ બે નથી હોતા. વીતરાગદેવ સિવાય અન્ય દેવને સાચા માનનાર વીતરાગનો ભક્ત નથી. સર્વજ્ઞદેવ અને કુદેવાદિ એક સમાન નથી. એવી શ્રદ્ધા થાય ત્યારે સર્વજ્ઞની વ્યવહાર શ્રદ્ધા કહેવાય છે. કેટલાક લોકો જૈનધર્મ અને અન્ય ધર્મોનો સંબંધ કરવા ઈચ્છે છે, પરંતુ જૈન ધર્મ અને અન્ય ધર્મોનો સંબંધ કદી પણ થઈ શકતો નથી. વીતરાગના બાહ્ય અથવા અંતરંગ સ્વરૂપને અન્યથા માનવાવાળા ભગવાનના વ્યવહાર ભક્ત પણ નથી.

જે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની વ્યવહાર શ્રદ્ધાપૂર્વક આનંદઘન સ્વરૂપ પોતાના આત્માની શ્રદ્ધાના જોરથી એ નિર્ણય કરે છે કે પરપદાર્થોની સાથે મારો કોઈ સંબંધ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધી શુભરાગ પણ મારું સ્વરૂપ નથી, હું અખંડ જ્ઞાયક છું, તે ભગવાનનો નિશ્ચય ભક્ત છે. જેને નિશ્ચયભક્તિ હોય છે તેને વ્યવહારભક્તિ અવશ્ય હોય છે તથા તેને સાચા દેવ-ગુરુ-ધર્મને માટે ઉત્સાહ ઉલ્લાસપૂર્વક ખર્ચ કરવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી.

શ્રોતા :—ભગવાન તો વીતરાગી છે, તેઓ ધનને શું કરશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ! તારે ભગવાનને ક્યાં ધન આપવાનું છે? ભગવાનને માટે કાંઈ કરવાનું નથી પરંતુ વીતરાગતાની રુચિ વધારી દેવ-ગુરુની પ્રભાવનાને માટે ખર્ચ કરીને, તૃષ્ણા ઘટાડવાના પ્રયોજન માટે કહેવામાં આવે છે. જો તને સત્‌ની રુચિ છે તો એ જો કે અન્ય સાધર્મીઓને કઈ વાતની પ્રતિકૂળતા છે? અને જો કોઈને શાસ્ત્ર વગેરેની આવશ્યકતા હોય તો તેની પૂર્તિ માટે પોતાની પદ-સ્થિતિ પ્રમાણે મદદ કર. (ક્રમશઃ)

## બાળ વિભાગ

# અનંતમતિ

અંગ દેશમાં ચંપાનગરીમાં વસુવર્ધન રાજા હતો. તેની રાણીનું નામ લક્ષ્મીવતી હતું. (ત્યાં) પ્રિયદત્ત શેઠ હતો, તેની સ્ત્રીનું નામ અંગવતી અને પુત્રીનું નામ અનંતમતિ હતું. નંદીશ્વર અષ્ટાહ્નિકામાં શેઠે ધર્મકીર્તિ આચાર્યના પાદમૂલમાં આઠ દિવસ માટે બ્રહ્મચર્ય ગ્રહણ કર્યું અને શેઠે રમતમાં અનંતમતિને પણ બ્રહ્મચર્યવ્રત લેવડાવ્યું. એક વખતે સંપ્રદાન કાળે (તેને લગ્નમાં આપવાના સમયે–કન્યાદાન સમયે) અનંતમતિએ કહ્યું : ''પિતાજી! તમે મને બ્રહ્મચર્ય અપાવ્યું છે, તો વિવાહની શી જરૂર છે?''

શેઠે કહ્યું : ''મેં તો રમતમાં તને બ્રહ્મચર્ય અપાવ્યું છે.''

''ખરેખર પિતાજી! ધાર્મિક વ્રતમાં રમત કેવી?'' અનંતમતિએ પૂછ્યું.

શેઠ કહે : ''ખરેખર, પુત્રી! નંદીશ્વરના આઠ દિવસ સુધી જ તારું તે વ્રત હતું, સદા માટે તે આપ્યું નથી.''

તેણે (અનંતમતિએ) કહ્યું : ''પિતાજી! ભટ્ટારકનો (આચાર્યનો) તેમ કહેવાનો હેતુ ન હતો. આ જન્મમાં પરણવાની બાબતમાં મને નિવૃત્તિ છે (આ જન્મમાં મને પરણવાનો ત્યાગ છે).''

આમ કહીને તે સર્વ કલા અને વિદ્યાનું શિક્ષણ લેતી રહી.

યૌવનપૂર્ણ ચૈત્રમાસમાં પોતાના બગીચામાં તે હિંચકા ખાતી હતી. વિજ્યાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીના કિન્નરપુરના કુંડલમંડિત નામના વિદ્યાધર રાજાએ પોતાની સ્ત્રી સુકેશી સાથે આકાશમાં જતાં તેને (અનંતમતિને) જોઈ.

''આના વિના જીવવાનું શું પ્રયોજન?'' એમ વિચારીને પોતાની સ્ત્રીને ઘેર મૂકીને જલદી પાછા આવી તે વિદ્યાધર રાજા વિલાપ કરતી તેને (અનંતમતિને) લઈ ગયો. આકાશે જતાં પોતાની સ્ત્રીને જોઈને ભયભીત થઈને તેણે (વિદ્યાધરે) પર્ણલઘુવિદ્યા સમર્પણ કરીને (પાંદડા સમાન હળવી થઈ જાઓ એવી વિદ્યા અજમાવીને) ઉપરથી અનંતમતિને મહા અરણ્યમાં છોડી દીધી. ત્યાં તેને રડતી જોઈને ભીમ નામનો ભીલોનો રાજા તેને પોતાના સ્થાને લઈ ગયો અને 'તું મને ચાહ (પ્રેમ કર), હું તને મારી પટરાણી બનાવીશ'—એમ

**અંતર્જલ્પે યુક્ત જે વિકલ્પ કેરી જાળ,**
**તે દુખમૂળ, તસ નાશથી ઇષ્ટ-પરમ-પદ લાભ. ૮૫. —શ્રી સમાધિતંત્ર**

કહીને રાત્રે તેની ઇચ્છા ન હોવા છતાં તેને ભોગવવાની ચેષ્ટા શરૂ કરી. વ્રતના પ્રભાવથી– માહાત્મ્યથી વનદેવતાએ તેના (ભીલરાજના) ઉપર તાડનાદિ ઉપસર્ગ કર્યો.

'આ કોઈ દેવતા (દેવી) છે' એમ જાણી ભયભીત થઈને તેણે (તે ભીલ રાજાએ) ત્યાં મુકામ નાખેલા વણજારાઓના કાફલાના પ્રમુખ પુષ્પક નામના સાર્થવાહને અનંતમતિ સોંપી દીધી.

સાર્થવાહે લોભ–લાલચ બતાવીને તેની સાથે પરણવાની ઇચ્છા કરી; પરંતુ તેણે (અનંતમતિએ) તેની ઇચ્છા સ્વીકારી નહિ. આથી તેણે તેને અયોધ્યામાં લાવીને કામસેના નામની કુટણી (વેશ્યા)ને સોંપી. કામસેનાએ તેને વેશ્યા બનાવવા માંગી, પરંતુ તે કોઈપણ રીતે વેશ્યા બની નહિ, પછી તેણે (કામસેનાએ) અનંતમતિને સિંહરાજ નામના રાજાને બતાવી. રાત્રે તે રાજાએ બળજબરીથી તેનું સેવન કરવા પ્રારંભ કર્યો, પણ નગરદેવતાએ તેના વ્રતના માહાત્મ્યથી તેના (રાજા) ઉપર ઉપસર્ગ કર્યો. તેથી તે (રાજા) ભયભીત થયો અને તેને ઘરમાંથી બહાર કાઢી મૂકી. સખેદ રડતી એવી તેને જોઈને કમલશ્રી નામની ક્ષાન્તિકા (ક્ષુલ્લિકા)એ "આ (કોઈ) શ્રાવિકા છે", એમ માનીને અતિ ગૌરવથી (ઘણા માનભેર) પોતાની પાસે રાખી.


પછી અનંતમતિનો શોક ભુલાવવા માટે બહુ સાથીઓ સાથે પ્રિયદત્ત શેઠ વંદના–ભક્તિ કરતો કરતો અયોધ્યામાં આવ્યો અને પોતાના સાળા જિનદત્ત શેઠના ઘરમાં સંધ્યા સમયે પ્રવેશ કર્યો. રાત્રે તેણે (પ્રિયદત્ત શેઠે) પુત્રીના હરણની વાત કહી, જ્યારે તે સવારે વંદના–ભક્તિ કરવા ગયો ત્યારે બહુમાનીતા મહેમાનના નિમિત્તે (ઘરની) શોભા કરવા માટે ઘેર સાથિયો કરવા માટે કુશળ એવી કમલશ્રી ક્ષાન્તિકાની શ્રાવિકાને જિનદત્ત શેઠની સ્ત્રીએ બોલાવી. તે (શ્રાવિકા) સાથિયા પૂરીને પોતાને આવાસે પાછી ગઈ.


વંદના–ભક્તિ કરીને આવેલા પ્રિયદત્ત શેઠને સાથિયા જોઈને અનંતમતિ યાદ આવી અને ઊંડા હૃદયે (પીડિત હૃદયે) ગદ્ગદિત વચન સાથે રડતાં રડતાં તેણે કહ્યું : "જેણે આ ઘરની શોભા કરી છે, (સાથિયા પૂર્યા છે) તેને મને બતાવો." પછી તેને (અનંતમતિને) લાવવામાં આવી. તે બંનેનો મેળાપ થતાં જિનદત્ત શેઠે મહોત્સવ કર્યો.

અનંતમતિએ કહ્યું : "પિતાજી! હવે મને તપ અપાવો, કારણ કે આ જ ભવમાં મેં સંસારની વિચિત્રતા જોઈ છે."

પછી કમલશ્રી ક્ષાન્તિકા–ક્ષુલ્લક–અર્જિકા પાસે તપ–દીક્ષા ગ્રહણ કરી લાંબા કાળે વિધિપૂર્વક મરીને તેનો આત્મા સહસ્રાર સ્વર્ગમાં દેવ થયો.

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત








# મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક–૩ (કુલ માર્ક્સ–૫૦)

**અભ્યાસ ક્રમ –મોક્ષમાર્ગપ્રકાશક : ત્રીજો અધ્યાય**

પરીક્ષાર્થીનું નામ : ....................................................... ઉંમર : ..........
મંડળનું નામ : .................................................... ગામનું નામ : ................
ફોન નં.: ....................................................... તા. ૨૫-૯-૨૦૧૩

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર મોક્ષમાર્ગપ્રકાશક આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન–૧ નીચેનામાંથી કોઈપણ છ પ્રશ્નોના ત્રણથી ચાર લીટીમાં ઉત્તર આપો. (૧૮)**

(૧) સંસારી અજ્ઞાની જીવને શ્રીગુરુ શું બતાવે છે ? તેમાંથી તેને શું લાભ થાય છે ?
(૨) શ્રીગુરુ દુઃખનું મૂળ કારણ શું બતાવે છે તથા તેની સમજ તેઓ કઈ રીતે આપે છે ?
(૩) અજ્ઞાની જીવ શરીરનાં અંગોને પોતાનાં કેમ માને છે ? એવી માન્યતાથી તેને શું થાય છે ?
(૪) ખોટા ઉપાયો કરવા છતાં પણ કોઈ જીવો સુખી થતા હોય તેવું કેમ લાગે છે ? છતાં તેમને પરમાર્થે દુઃખી કેમ કહેવાય છે ?
(૫) અજ્ઞાનીનું વિષયગ્રહણ વર્તમાનમાં અને ભવિષ્યમાં દુઃખનું કારણ કઈ રીતે છે તે સમજાવો.
(૬) અજ્ઞાની જીવના કષાયો અનુસાર શું પદાર્થોનું પરિણમન થાય છે ? શા માટે ?
(૭) એકેન્દ્રિય જીવોને જ્ઞાન તો કિંચિત્‌માત્ર છે તો તેઓ કષાયો કઈ રીતે કરે ?
(૮) સિદ્ધ ભગવાન દાન, લાભ, ભોગ, ઉપભોગ તો કરતા નથી તો તેમને શક્તિ પ્રગટ થઈ કઈ રીતે કહેવાય ?

**પ્રશ્ન–૨ વિગતવાર ઉત્તર આપો. (કોઈપણ ત્રણ)(પાંચ થી ૬ લીટીમાં) (૧૫)**

(૧) “મોહજનિત વિષય અભિલાષા” સમજાવો.
(૨) ચારિત્રમોહથી થતા દુઃખને મટાડવાના ઉપાયોનું જુઠાપણું.
(૩) વેદનીયકર્મના ઉદયથી થતું દુઃખ
(૪) કર્મોના ઉદયજનિત જ્ઞાનનો અભાવ દુઃખનું કારણ છે? શું જ્ઞાનનો ક્ષયોપશમ દુઃખનું કારણ હોઈ શકે ?
(૫) જીવને કેટલા પ્રકારની ઇચ્છાઓ થાય છે ?

**પ્રશ્ન–૩ નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (બે લીટીમાં) (૬)**

(૧) અજ્ઞાનીને નિરંતર વિષયગ્રહણની ઇચ્છા રહે છે તેનું કારણ શું? તેનાથી જીવને શું થાય?
(૨) ઇન્દ્રિયજનિત જ્ઞાન શા માટે દુઃખનું કારણ થાય છે?
(૩) જીવિતવ્ય અને મરણ કોને કહેવાય છે?
(૪) એકેન્દ્રિય જીવ શા માટે ઘણો જ દુઃખી છે?
(૫) દેવગતિના જીવો સુખી છે કે દુઃખી? શા માટે?
(૬) નરકગતિના જીવોને મહાદુઃખ હોવાનું વાસ્તવિક કારણ ક્યું છે?

**પ્રશ્ન–૪ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર વીસ લીટીમાં નિબંધ લખો. (૧૧)**

(૧) અજ્ઞાનીના દુઃખની નિવૃત્તિના ઉપાયોનું જુઠાપણું, દુઃખ નિવૃત્તિનો સાચો ઉપાય.
(૨) દર્શનમોહના ઉદયથી થતું દુઃખ અને તેના ઉપાયોનું જુઠાપણું.
(૩) સિદ્ધ ભગવાન પૂર્ણ સુખી છે તે કઈ રીતે નક્કી થાય?

નોંધ : મોક્ષમાર્ગપ્રકાશક પ્રશ્નપત્ર–૩નાં ઉત્તરપત્રો મોડામાં મોડાં તા. ૫–૧૧–૨૦૧૩ સુધીમાં સોનગઢ પહોંચે તે રીતે રવાના કરવા વિનંતી છે.

---

(અનુસંધાન પેજ નં. ૧૯ થી ચાલુ)

ધર્મી જીવનું જીવન જ નથી; તેનું જ્ઞાન સહિત જીવન નિયમથી—નિશ્ચયથી વૈરાગ્યમય જ હોય છે.

અહા! આત્મા પૂર્ણાનંદનો નાથ છે; એ પૂર્ણાનંદના નાથનું પર્યાયમાં જ્ઞાન થયું કે વસ્તુ તે વસ્તુ છે; એ ત્રિકાળી જ્ઞાનસ્વભાવી વસ્તુનું જે જ્ઞાન ને શ્રદ્ધા પર્યાયમાં થઈ તે જ્ઞાન-શ્રદ્ધા સહિતનું જીવન નિયમથી રાગના અભાવસ્વરૂપ—વૈરાગ્યમય જ હોય છે. અહા! આ (વચનામૃતના બોલ) તો એકલા અમૃતના ટુકડા છે! જ્ઞાન સહિતનું જીવન વૈરાગ્યમય જ હોય છે, કેમ કે જ્ઞાનાનંદનું—પરમાનંદસ્વરૂપનું—જે જ્ઞાન થયું તે જ્ઞાનપરિણમન રાગના અભાવસ્વરૂપ જ હોય છે. તેથી તે જ્ઞાન વૈરાગ્યમય જ હોય છે. અહા! આવી વાત છે!

*(ક્રમશઃ)*

---

## વૈરાગ્ય સમાચાર :–

રાજકોટનિવાસી સ્વ. રજનીકાંત ધીરજલાલ શાહના ધર્મપત્ની મંજુલાબેન(વર્ષ-૭૯) તા. ૩૦-૮-૨૦૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્ ઉપદેશનો ઘણો લાભ લીધો હતો.

> **અવ્રતિ-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;**
> **પરમ-જ્ઞાનને પામીને સ્વયં 'પરમ' થઈ જાય. ૮૬ —શ્રી સમાધિતંત્ર**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે તથા પ્રવચનના સમયે વિશાળ પરમાગમમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે રાજકોટ તથા અન્ય ગામોથી બધા મળીને ૫૦૦ થી વધુ મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

### ✻ 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ : વિજ્યાદશમી ✻

શ્રી સમયસાર પરમાગમના અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૧૪-૧૦-૨૦૧૩ સોમવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :** પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'—દીપાવલીનો મંગલ અવસર આસો વદ અગિયારસ, બુધવાર તા. ૩૦-૧૦-૧૩ થી આસો વદ ૩૦, રવિવાર તા. ૩-૧૧-૧૩, પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

✻ કારતક સુદ એકમ–નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૪-૧૧-૧૩, સોમવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા** : કારતક સુદ ૮, રવિવાર, તા. ૧૦-૧૧-૨૦૧૩ થી કારતક સુદ ૧૫, રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૩—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

## (૫)
# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૮૧) કષાયની ઉપશાંતતા................................
........................ દયા, ત્યાં આત્માર્થ નિવાસ.

(૮૨) જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય?.........................................

(૮૩) સીમંધર ભગવાનની માતાનું નામ..................... છે?

(૮૪) ઘાતીકર્મની ......................... પ્રકૃતિ હોય છે.

(૮૫) .................. બોલતા શીખ્યા તે પણ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે જ.

(૮૬) અમે તો બધાને ........................... જ દેખિયે છીએ. કોઈને રાગ-દ્વેષવાળા દેખતા જ નથી.

(૮૭) (૧) સ્વરૂપાચરણ ચારિત્ર (૨)...................... (૩)................. (૪)............. આ ચાર ભેદ ચારિત્રના છે.

(૮૮) વૈમાનિક દેવનાં સમ્યકદષ્ટિને ......................... ગતિનો જ બંધ થાય છે.

(૮૯) શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન, ...........................
....................................... કર વિચાર તો પામ.

(૯૦) રાગના બે ભેદ (૧)..................... (૨)....................
દ્વેષના બે ભેદ (૧)............................ (૨)....................

(૯૧) શ્રીમદ્ રાજચંદ્રે.................. વર્ષના વયે મોક્ષમાળા બનાવી હતી.

(૯૨) ભરત અને બાહુબલી બન્ને................ હતા છતાં તેમને લડાઈનો ભાવ ............. દોષને લીધે આવેલ હતો.

(૯૩) સૌથી વધારે ગણધર ક્યા ભગવાનને.................. અને કેટલા.............. તેમાં મુખ્ય ગણધરનું નામ........................ છે.

(૯૪) પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ શ્રી............................................ બનાવેલ છે.

(૯૫) તીર્થંકર ભગવાન ................... ઈન્દ્રોથી પૂજ્ય હોય છે.

(૯૬) લવ અને કુશના પિતા ...................... સ્થાનેથી મોક્ષ ગયા છે.

(૯૭) અઘાતિકર્મની .............................. પ્રકૃતિ હોય છે.

(૯૮) પૂજ્ય ગુરુદેવશ્રીએ .................... વર્ષની ઉંમરથી લગાડી............... વર્ષની ઉંમર સુધી પાલેજની દુકાન ચલાવી હતી.

(૯૯) દામનગરમાં સંવત ૧૯૭૮માં સમયસાર હાથમાં આવ્યું ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું હતું કે આ શાસ્ત્ર......................... થવાનું છે.

(૧૦૦) ................................... જ્ઞાન દર્શન મય ખરે,
કંઈ અન્ય તે મારું જરી ..................

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર-૨૦૧૩ના ઉત્તર

(૬૧) બીજા સાધનોની,
(૬૨) હેય,
(૬૩) આકાશ,
(૬૪) મોક્ષમાર્ગ પ્રકાશક,
(૬૫) સ્વયંભૂસ્તોત્ર,
(૬૬) નિગોદ=મોક્ષ,
(૬૭) નવનો,
(૬૮) ૩૨,
(૬૯) અભવ્યત્વગુણ,
(૭૦) આઠ,

(૭૧) જ્ઞાયકનો અભ્યાસ કરવો,
(૭૨) નિયમ,
(૭૩) ઋજુવાલિકા,
(૭૪) શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ,
(૭૫) અનાદિ,
(૭૬) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ,
(૭૭) આત્માની
(૭૮) જ્ઞાતા-દૃષ્ટા (જાણવું-દેખવું)
(૭૯) પરસમય:
(૮૦) સોનાની, લોખંડની,

## (૫)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૮૧) પૂજ્ય ગુરુદેવશ્રીનાં મોટાભાઈનું નામ ........................ હતું.

(૮૨) ......................... અને .................... આ બે તીર્થંકર શ્વેત રંગના હતા.

(૮૩) દેવ અને નારકીના સ્થૂલ શરીરને .................... શરીર કહે છે.

(૮૪) કામદેવ સંખ્યાએ.................... હોય છે.

(૮૫) માનના અભાવમાં .......................... ધર્મ પ્રગટ થાય છે.

(૮૬) અરિહંત ભગવાનના શરીરને ................ શરીર કહેવામાં આવે છે.

(૮૭) હજુ સુધી જેણે ત્રસ પર્યાય પ્રાપ્ત કરી નથી તેને ....................... નિગોદ કહે છે.

(૮૮) શ્રુતપંચમી .................... ના દિવસે મનાવવામાં આવે છે.

(૮૯) કાળ દ્રવ્યને સ્થાન દેવામાં ................ દ્રવ્ય નિમિત્ત છે.

(૯૦) કાળ દ્રવ્ય ............... પ્રદેશી છે.

(૯૧) સોનગઢના મૂળનાયક શ્રી સીમંધર ભગવાનની બન્ને બાજુ ગુલાબી આરસના (૧) ....................... તથા (૨)........................... ભગવાન છે.

(૯૨) અરિહંત (તીર્થંકર) ભગવાનને ........................ ગુણ હોય છે.

(૯૩) ૨૪ તીર્થંકરોમાં સૌથી ઓછું આયુષ્ય ..................... ભગવાનનું હતું.

(૯૪) દર છ માસ ૮ સમયમાં ..................... જીવ મોક્ષ જાય છે.

(૯૫) .................... મુનિરાજે ૧ વર્ષ સુધી કાયોત્સર્ગ તપ કર્યો હતો.

(૯૬) .................. મુનિરાજને ૬ મહિના સુધી આહાર મળ્યો નહોતો.

(૯૭) આત્મામાં જાતિ અપેક્ષાએ સામાન્ય ગુણો ................. છે અને સંખ્યા અપેક્ષાએ ................ છે.

(૯૮) જેમાં મહાપુરુષોનું વર્ણન આવે છે તેને................... યોગ કહેવામાં આવે છે.

(૯૯) ........................ને પાપનો બાપ કહેવામાં આવે છે.

(૧૦૦) બારહ ભાવનામાં પહેલી ભાવના ................. ભાવના છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર-૨૦૧૩ના ઉત્તર

૬૧—સુવર્ણપુરી,
૬૨—સહજાત્મ સ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ,
૬૩—ફતેહમંદ,
૬૪—સમયસાર
૬૫—ૐ,
૬૬—પૃથ્વીષેણા—સુપ્રતિષ્ઠ
૬૭—શાંતિનાથ,
૬૮—શ્રેયાંસકુમાર,
૬૯—નિલાંજના,
૭૦—ગિરનાર,
૭૧—ગૌતમ,
૭૨—કુંથલગિરિ,
૭૩—તેજબા,
૭૪—કુંદકુંદાચાર્ય,
૭૫—માનતુંગાચાર્ય,
૭૬—ઋષભનાથ,
૭૭—સોનગઢ,
૭૮—અર્ધ ચંદ્ર
૭૯—નવમી
૮૦—અઢાર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ જે જીવ શુદ્ધ ત્રિકાળી વસ્તુનો રાગના અવલંબન વિના સીધો પ્રત્યક્ષ અનુભવ કરે છે તેણે શુદ્ધ જીવ વસ્તુને ઉપાદેય કર્યો છે. જ્ઞાનને જ્ઞાન દ્વારા વેદે તેને પ્રત્યક્ષ અનુભવ કહે છે. ૨૬.

✻ પ્રશ્ન :—જ્ઞાનમાં રાગ જણાય છે. પણ જ્ઞાનમાં રાગ એકમેક હોય એવું કેમ લાગે છે?

ઉત્તર :—ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની રાગ અને જ્ઞાનની અતિ નિકટતા દેખી એકમેક હોય તેવું માને છે પણ રાગ અને જ્ઞાન એકમેક છે નહિ. ૨૭.

✻ જીવ જિનવર છે ને જિનવર જીવ છે એવી દૃષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે કેટલાય ગઢ ઓળંગીને અંદરમાં જવાય છે. વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય. સંસારભાવો જરાય રુચે નહિ. આત્મા....આત્મા...ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ૨૮.

✻ નિર્વિકલ્પ થવાવાળો જીવ નિર્વિકલ્પ થયા પહેલાં આવો નિર્ણય કરે છે કે રાગાદિભાવે સદાય હું પરિણમનારો નથી. પણ જ્ઞાન—દર્શનરૂપ પરિણમનારો (એવા સ્વભાવે) છું. હજુ રાગાદિભાવો થશે એમ જાણે છે છતાં તેના સ્વામીપણે હું થનાર નથી, મને ભવિષ્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે એવો મારો પ્રયત્ન છે છતાં તે વખતે રાગ હશે. પરંતુ તે રૂપે હું (સ્વભાવે કરીને) પરિણમનાર નથી તેવો નિર્ણય છે. નિર્ણય કરે છે પર્યાયમાં. પછી અનુભવ થશે પર્યાયમાં. પણ તે પર્યાય એવો નિર્ણય કરે છે કે હું તો ચિન્માત્ર અખંડ જ્યોતિસ્વરૂપ છું, પર્યાયરૂપ નથી. ૨૯.

✻ વિકારી પર્યાય પરદ્રવ્યની સન્મુખતા કરે છે તેથી વિકારને દ્રવ્યથી ભિન્ન કહ્યો અને શુદ્ધ પર્યાય સ્વદ્રવ્યની સન્મુખ થાય છે તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવાય છે. પણ અભિન્નતાનો અર્થ એ છે કે દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે—શક્તિ છે એ જ્ઞાનપર્યાયમાં આવી જાય છે. પ્રતીતિમાં આવી જાય છે. તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહી છે. પણ એનો અર્થ એ નથી કે અનિત્ય પર્યાય નિત્ય દ્રવ્યની સાથે એકમેક થઈ જાય છે. દ્રવ્ય-પર્યાય બન્નેનું સ્વરૂપ જ ભિન્ન હોવાથી બન્ને ભિન્ન છે. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે. લક્ષ કરે છે તેથી પર્યાય શુદ્ધ થાય છે. પણ તેથી દ્રવ્ય પર્યાય એક થઈ જાય છે તેમ નથી, બંનેના સ્વરૂપ ભિન્ન હોવાથી પર્યાય દ્રવ્યરૂપ થતી નથી અને દ્રવ્ય પર્યાયરૂપ થતું નથી. ૩૦.

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૧૩
અંક-૨ * વર્ષ-૮

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## આત્માની ચિંતા કરે તેનું જીવન પણ પ્રશંસનીય છે

સંસારમાં રખડતાં રખડતાં અનંતવાર મનુષ્યદેહ પામીને આત્માના ભાન વિના મર્યો પણ આત્મા શું છે તેની વાત જાણી નથી; કદી આત્માનો યથાર્થ વિચાર પણ કર્યો નથી, તેથી અહીં તેનો મહિમા બતાવતાં કહે છે કે બહારની ચિંતા ટાળીને જેઓ આત્માના સ્વરૂપમાં ઠર્યા છે તેઓ કરવાયોગ્ય કાર્ય જ કરી બેઠા છે, તેમની શું વાત! પણ જગતની ચિંતા છોડીને જેને આત્માની ચિંતાની પકડ પણ થઈ કે અહો! મારા આત્માને મેં અનંતકાળથી ઓળખ્યો નથી, અનંતકાળમાં કદી આત્માનું ધ્યાન કર્યું નથી, આત્માને ભૂલીને બાહ્ય પદાર્થોની ચિંતામાં જ રખડ્યો છું, માટે સત્સમાગમે આત્માને જાણીને તેવું જ ધ્યાન કરવાયોગ્ય છે—આવી, આત્માની ચિંતાનો પરિગ્રહ કરે–પકડ કરે–તેનું જીવન પ્રશંસનીય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**